Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૭ · અંક : ૫૨ · તા. ૨૦ થી ૨૬ ડિસેમ્બર ૧૪ · વાર્ષિક લવાજમ રૂ. ૫૦ · Regn.No. MH/MR/East/53/2012-14



## અનંતછાયા - ઘાટકોપર ખાતે નિર્માણ પામનારા ત્રિશિખરબંધ જિનાલયના શિલાન્યાસ સમારોહની ઝલક













## કચ્છ રણોત્સવ થી સ્થાનિક કચ્છીઓજ લાભવગરના

વાંચો વિશેષ લેખ







# શ્રદ્ધાંજલિ



જન્મ
તા. ૪-૮-૧૯૪૧

અરિહંતશરણ
તા. ૧૫-૧૨-૨૦૧૪

## સ્વ.શ્રી. મુલચંદ લાલજી ખોના

(કચ્છ જખૌ, હાલ જુહુ)

**જિંદાદિલ સૌના મિત્ર, સૌને હસીને આપો માર્ગદર્શન**
**અણધારી વિદાય લીધી, તમારી સ્મૃતિને સદા વંદન**

### શોકાતુર:

| | | |
|---|---|---|
| માતા-પિતા | : | સ્વ. કુંવરબાઇ લાલજી શામજી ખોના |
| સહધર્માચારિણી | : | પુષ્પાબેન |
| પુત્ર-પુત્રવધુ | : | સૌ. નિતલ દુષ્યંત ખોના |
| પુત્રી-જમાઇ | : | સૌ. હેતલ હિતેશ ખોના |
| દોહિત્રી | : | ચિ. જીલમીલ હિતેશ ખોના |
| ભાઇ - ભાભી | : | સૌ. ચંદનબેન ગુલાબ ખોના, |
| | | સૌ. જ્યોતિબેન દિનેશ ખોના |
| બહેન-બનેવી | : | સ્વ. પ્રમીલાબેન રાયચંદ જેઠાભાઇ લોડાયા (સુથરી) |
| | | સ્વ. જમકુબેન ચાંપશી મેઘજી લોડાયા (તેરા) |
| | | ગં.સ્વ. હીરાવંતીબેન લહેરચંદ હીરજી મેપાણી (પરજાઉ) |
| | | સૌ. કાશ્મિરાબેન વિરેંદ્ર લુઠિયા (રાયધણજર) |
| સાસુ-સસરા | : | સ્વ. કસ્તુરીબેન રતનશી ભવાનજી ધરમશી (કોઠારા) |
| સાળા-સાળાવેલી | : | સૌ. સરોજબેન મધુકાંત ધરમશી |
| | | સૌ. મીનાબેન મણીકાંત ધરમશી |
| સાળી-સાઢુભાઇ | : | ગં.સ્વ. જયવંતીબેન બંકિમચંદ લોડાયા (સુથરી) |
| | | સ્વ. નિર્મલાબેન મોતીચંદ નાગડા (નલિયા) |
| | | સ્વ. ભાનુબેન મણીલાલ ધુલ્લા (સુથરી) |
| | | ગં.સ્વ. રજનીબેન નલીનકાંત ખોના (નલિયા) |
| વેવાઇ - વેવાણ | : | સૌ. નિર્મલાબેન હિરાચંદ શામજી દંડ (સુથરી) |
| | | સૌ. વિજયાબેન ખેતશી દેવશી ખોના (નલિયા) |

**Buildway Group of Companies**

**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**

ડૉ. વેલજી પાશ્વીર ગોસર

**''સમીક્ષા''**

સનત્ શાહ અને

ગોવિંદજી જીવરાજ લોડાયા

**''પ્રકાશ સમીક્ષા''**

સનત્ શાહ

**: તંત્રી :**

રાયચંદ આર. નાગડા

સહ તંત્રી :

ચંદ્રસેન મોમાયા

મો. 9324618606

**સમિતિ સભ્યો**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા

રાયચંદ રતનશી નાગડા

શરદ કાંતિલાલ શાહ (નાગડા)

કેશરસિંહ આણંદજી ખોના

તિલકચંદ કુંવરજી લોડાયા

કિરીટ ખેતશી મુનવર

કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા

હિરાચંદ દામજી દંડ

પંકજ પ્રતાપ શાહ

ચંદ્રસેન હીરાચંદ મોમાયા

શૈલેશ સનત્ શાહ

જયંત વિશનજી છેડા

**અંક નં. 52/2014**

**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**C/o. Shri. R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

# જનાદેશની આવશ્યકતા અને અનંતનાથજી ટ્રસ્ટ - મુંબઈ મહાજનની બનહરીફ ચૂંટણીઓ

કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિએ ૨૦મી સદીના લોકશાહીની તરફેણ કરનારા વિચારોના પ્રભાવમાં મહાજન પદ્ધતિનું લોકશાહીકરણ કરી નાખ્યું તે પછી જનાદેશ શું છે તે જાણવાની આવશ્યકતા સ્વયંસિધ્ધ બની ગઈ છે અને તેની સાથે જ તે અંગેનો ખર્ચ પણ આવશ્યક બની ગયો છે.

દશા ઓસવાલ જૈન જ્ઞાતિમાં દરેક ચૂંટણી વખતે બહુ વજૂદ વગરના, કારણ વગર ઉમેદવારી કરનારાઓની ઉમેદવારી પાછી ખેંચાવી લેવાની વાત થાય છે પણ એવું બનતું નથી કેમકે દરેક ઉમેદવારને લાગે છે કે તેણે વજૂદવાળા કારણથી ઉમેદવારી કરી છે. વર્ષ ૨૦૧૪માં મુંબઈ મહાજન અને અનંતનાથજી ટ્રસ્ટની ચૂંટણી થવાની નથી પણ તેનું કારણ યોગ્ય કારણ વગર ઉમેદવારી કરનારા કે પદ વગર સેવાને પ્રાધાન્ય આપનારા ઉમેદવારી ખેંચે તેવી સમજ નથી.

તંદુરસ્ત લોકશાહી પ્રણાલિકા પ્રમાણે કાર્યક્રમોને આધારે સરખા વિચારવાળાની પેનલો ઈચ્છનીય છે પણ પેનલનાં સભ્યોએ સમુદાયના હિત કરતાં પોતાની પેનલના હિત વધુ મહત્વના ન સમજવા જોઈએ કે ન પેનલના આધારે ઈજારાશાહી સ્થાપવાની ભાવના હોવી જોઈએ.

વર્ષ ૨૦૦૯માં કેટલાક જ્ઞાતિ આગેવાનોને લાગ્યું કે કેટલાક પીઢ રાજકારણના અઠંગ ખેલાડીઓએ મુખ્ય જ્ઞાતિ સંસ્થાઓ પર ઈજારો જમાવ્યો છે અને તેનાથી નાતનું સમાજકારણ જ્ઞાતિજનોને પૂરતું લાભકારી બનતું નથી એટલે તેમણે તેમના અભિપ્રાય પ્રમાણેના આગળના ૩૦ વર્ષના કાર્યક્રમોને અમલમાં લાવવા 'પીઢ' શક્તિ સામે 'યુવા' શક્તિને અજમાવી.

અહીં એક વાત ભૂલાઈ ગઈ કે જરૂરત એ પીઢ લોકોની ઈજારાશાહી તોડવાની હતી, કોઈ નવી ઈજારાશાહી સ્થાપવાની નહીં. પણ સ્થિતિની અડધી પડધી સમજથી તેમણે કાળના નિયમોની સામે જઈ ઈજારાશાહીનું આડકતરું સમર્થન કર્યું.

પરિણામ એ આવ્યું કે એક મનસ્વી વ્યક્તિએ પોતાને ટીમના લીડર તરીકે પ્રોજેક્ટ કરી વિજય મેળવાયો છે એવી સમજને આધારે ઈજારાશાહી જૂથમાં પણ પોતાના મળતીયા સાથે ઈજારાશાહી સ્થાપી.

જે હોય તે એ વખતે ચૂંટણી દ્વારા સ્પષ્ટ જનાદેશ મેળવાયો હતો કે દશાઓને નવી દિશાની જરૂર છે.

આ નવી દિશાની ચોક્કસ સમજ કેળવવામાં નહોતી આવી તેથી તેના ઘણા અર્થઘટન થયા અને જેમને ટીમ નેતા તરીકે પ્રોજેક્ટ કરવામાં આવેલા, તે આગેવાનોએ પોતાની સમજ સાથે બધું ચલાવ્યા કર્યું. પરિણામે સ્થિતિ એવી સર્જાઈ કે 'દશાઓની નવી દિશા'નો નારો ચરિત્રાર્થ થવાને બદલે પતન તરફ અંગુલિ નિર્દેશ કરનાર મજાક બની ગયો.

આ પાર્શ્વભૂમિમાં યુવાશક્તિ ટીમ તરફથી ઈલેક્શન નહીં સિલેક્શનનું સુત્ર વહેતું મૂકાયું. અલબત્ત એ જ્ઞાતિની લોકશાહી પરંપરાથી તદ્દન વિપરિત

હોઈ વિરોધની તૈયારી થવા માંડી એટલે ચૂંટણી જાહેર કરવી પડી. એટલું જ નહીં ઈજારાશાહી નહીં તો વર્ચસ્વ તો આપણું જ રહેવું જોઈએ તે માટે અનેક કાવાદાવા કરવામાં આવ્યા.

એ પછી પણ વર્ચસ્વ હોય તેવી શક્યતા પણ ઓછી જણાઈ એટલે વગદારોને વચ્ચે લાવી ખાસ કરીને ટ્રસ્ટમાં બધા જુથોની રાષ્ટ્રીય (જ્ઞાતિ) એકતાવાળી સરકાર રચવી એવી રણનીતિ અપનાવાઈ.

આ વાત સારી હતી પણ એકબીજા પ્રત્યે શંકા - કુશંકાનું એવું વાતાવરણ ઊભું થયેલું કે તે શક્ય બને, તેમ હતું જ નહીં

યુવા શક્તિ પેનલે ઈજારાશાહી કે કમ સે કમ વર્ચસ્વ ચાલુ રહે તેમ હોય તો જ ચૂંટણીમાં ઊભા રહેવું છે એવી સમજથી છેક છેલ્લે ચૂંટણીમાંથી ખસી જવાનો નિર્ણય કર્યો.

અલબત્ત, શક્ય હોય તો ઈજારાશાહી નહીતર કમ સે કમ વર્ચસ્વ જાળવી રાખવા માટે જે રણનીતિ બનાવવામાં આવેલી તેમાં મહાજન - ટ્રસ્ટના લેણા બાકી હોય તો તેમની ઉમેદવારી રદ થાય એવા નિયમને હથિયાર તરીકે વાપરવા જે ગોઠવણ કરવામાં રચવેલી તે કારગત નીવડી. પરંતુ તેમ છતાં છેવટે, આવી રીતે વર્ચસ્વ જાળવી રાખવીની કુટ નીતિ, જ્ઞાતિના સદનસીબે, સફળ થઈ નથી.

આ બધી જાહેર કે ખાનગીમાં થયેલ બાબતોનું ચોખ્ખું પરિણામ એ આવ્યું છે કે મુંબઈમાં વસતા જ્ઞાતિજનને જનાદેશ આપવાની તક જ નથી મળી.

અલબત્ત, એને કારણે મહાજનના સંદર્ભમાં કોઈ ખાસ ફરક પડયો નથી. કેમકે, વિજેતા પેનલ જ્ઞાતિ ગરિમાને વરેલી છે અને તે પોતાના જાહેર કાર્યક્રમ પ્રમાણે સવાયો દેખાવ કરવાનો પ્રયત્ન કરશે.

જ્યાં સુધી ટ્રસ્ટનો સવાલ છે ઘણા બધા સવાલોના જવાબ જ્ઞાતિની મત આપવા તૈયાર

**રીઝર્વ બેંકની સૂચના અનુસાર બેંકના આગ્રહ પ્રમાણે નામ પ્રકાશ સમીક્ષા માટેના ચેકોમાં નામ C.D.O. Prakash Samiksha Samiti એમ લખવું જરૂરી છે.**

### અગત્યની સુચનાઓ

● પ્રકાશ સમીક્ષાને ઈ - મેલથી જાહેરાત / સમાચાર / મેટર મોકલ્યા પછી તેની અમને આ નંબર પર SMS એસ.એમ.એસ. દ્વારા જાણ કરવા વિનંતી. જેથી તેની નોંધ લઈ શકાય. મોબાઈલ નં. 9004165192. આ નંબર ફક્ત SMS એસ.એમ.એસ. સ્વીકારવા માટે જ છે.

● સમાચાર/ જાહેરાત માટે મોકલેલ મેટર અંગે સહતંત્રી શ્રી ચંદ્રસેન મોમાયાનો સંપર્ક કરવો. મો. ન. 9324618606 અંકો ન મળવા અંગે તેમને ફોન નહીં કરવા વિનંતી.

Please Note : Whenever you send news / advertisement / matter by email, please do send your sms for the same to us on Mob. ; 9004165192. This number is for receiving sms only.


**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | આર્ટ પેપર કલર | બ્લેક-વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 7,000/- | 4,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 4,000/- | 2250/- |
| પા પાનું | 77 x 111 mm | 2,500/- | 1250/- |
| ૧/૮ પાનુ | 77 x 54 mm | આર્ટ પેપરની બેપાનાની જાહેરાત મળે તોજ | 700/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | | 350/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**સુચના :** જા.ખ. મેટર મોકલવા સાથે જા.ખ. બ્લેક/ વ્હાઈટ છે કે કલર છે, જા. ખ. ની સાઈઝ, જા. ખ. નું બીલીંગ નામ-સરનામું અને જરૂરી પેમેન્ટ સાથે મોકલવું અત્યંત આવશ્યક છે.

બહુમતી પાસેથી મેળવવા જરૂરી હતા તે હવે ગરિમા પેનલની સમજ અને કાર્યપદ્ધતિ પર નિર્ભર રહેશે.

જનાદેશ જરૂરી છે એવી પહેલી બાબત એકે કોઈપણ પેનલે પોતાના નેતાની ગુણપુજા કરવી કે વ્યક્તિ પુજા એ બાબતની સ્પષ્ટતા થવી સ્વસ્થ જાહેર જીવન માટે જરૂરી છે. એ નોંધવું રહ્યું કે આ બાબતમાં કમ સે કમ અત્યારે તો ગરિમા પેનલ પોતાને અલગ રીતે દર્શાવી શકી નથી.

૨૦૦૯ની ચૂંટણીમાં યુવાશક્તિની પેનલ બનાવવામાં જ્ઞાતિના એક સક્રિય અને બીજા બે - ત્રણ પડદા પાછળ દોરી સંચાર કરતા આગેવાનોએ જે પણ ઈરાદો રાખ્યો હોય પણ ત્યારે તેમણે એવું વિચારેલું પણ નહીં કે જે વ્યક્તિને તેના નેતા તરીકે પસંદ કરવામાં આવી છે તે વ્યક્તિ તો મનસ્વી વર્તનવાળી છે. જેમ જેમ ખબર પડતી ગઈ તેમ તેમ અસંતોષ વધતો ગયો પણ કોઈએ પડકારવાની હિંમત ન કરી.

આ બાબત જેમને અયોગ્ય લાગી અને તે ઉપરાંત પોતાની તરફ ભેદભાવ રખાયો છે એવું લાગ્યું તેમણે પણ જાહેર ચર્ચાને બદલે ચુપચાપ રાજીનામાનું વલણ અપનાવ્યું એટલે પણ તે વ્યક્તિગત મનસ્વી વલણને મોકળું મેદાન મળ્યું.

એટલે આ વખતે ૨૦૧૪માં જ્ઞાતિના કેટલાક આગેવાનોએ, આ ચૂંટણી જાહેર થઈ તે પહેલાં જ નક્કી કરેલું કે આ પ્રકારે મનસ્વી કાર્યવાહીનું જ્ઞાતિના જાહેર જીવનમાં ક્યારેય પુનરાવર્તન ન થાય તે માટે ચૂંટણી થાય તેમજ આવું મનસ્વી અને આપખુદ નેતૃત્વ ચૂંટણીમાં ઊભા રહેવાની હિંમત જ ન કરી શકે અથવા ન ચૂંટાય અથવા ચૂંટાય પણ પહેલા સ્થાનથી પાછલા સ્થાનોએ ઉતરી આવે એ પ્રકારનું પરિણામ લાવી શકાય તે માટે ચૂંટણી એટલે કે મતદાન જ જોઈએ એવી પરિસ્થિતિ ઊભી કરવી જરૂરી છે.

પરંતુ, પોતે હવે લોકપ્રિય રહ્યા નથી તેથી ચૂંટણીમાં પોતાની પેનલના ઊભા રાખવાથી મુંબઈની જ્ઞાતિના મતદારો જડબાતોડ જવાબ ઉમેદવારોને આપશે તેવા ડર અને દહશેતને કારણે છેવટે આ યુવા શક્તિ પેનલે ચૂંટણીમાં ન ઝંપલાવ્યું તેને લીધે મતદારોને હવે જનાદશ આપવાની તક મળી નથી તેથી જ્ઞાતિમાં લોકશાહી રસમને પુષ્ટિ મળે તેની પ્રતીતિ હવે ઉમેદવારો બીનહરીફ ચૂંટયા છે તેને લીધે કરાવી શકાશે નહીં.

તેવી જ રીતે જો ચૂંટણીઓ એટલે કે મતદાન થાય તો જનાદેશ માટે મહત્વનો એવો એક મુદ્દો એટલે કે ટ્રસ્ટીઓ અને મહાજનની વ્યવસ્થાપક સમિતી પાસેથી જ્ઞાતિજનો શી શી અપેક્ષા રાખે છે તે વાત પણ સ્પષ્ટ થાત પણ હવેની સ્થિતિમાં તેમ નહીં થાય.

એકંદરે જોઈએ તો જ્ઞાતિને જેમ ગયા વખતે એક જ પેનલ અને તેના નેતાઓ પર પોતાના સારા - નરસા ભવિષ્યનો જુગાર રમવો પડેલો તે સ્થિતિ અત્યારે પણ ચાલુ રહી છે.

અલબત્ત, હવે આનો અફસોસ કર્યા વિના, બીનહરીફ ચૂંટાયેલા ટ્રસ્ટીઓ અને મહાજનની વ્યવસ્થાપક સમિતિના સભ્યો તેમનો આગામી પાંચ વર્ષ માટેનો કાર્યક્રમ અને પ્રાથમિકતાઓ નક્કી કરી જ્ઞાતિ સમક્ષ મુકવામાં વિલંબ ન કરે તે ઈચ્છનીય છે.

અન્યથા તેમના કાર્યક્રમ પ્રમાણે તેઓ આગળ વધે તો તેમને દરેક તબક્કે પ્રોત્સાહન આપવા તથા ન વધે તો દરેક તબક્કે નારાજગી વહોરવાનું જોખમ લઈને પણ પ્રમાણિકપણે તેમને લાલ ઝંડી બતાવવામાં જ્ઞાતિજનો હવે નિષ્ક્રીય રહેશે નહીં તેટલી જાગરૂકતા તો મુંબઈના જ્ઞાતિજનો એ કડવા અનુભવોમાંથી કેળવી જ છે.

**- ચંદ્રસેન મોમાયા**


॥ શ્રી ભોમિયાદાદાય નમઃ ॥
દુબઈ શોપીંગ ફેસ્ટીવલ:ખાસ પ્ર.27-01
અમેઝીંગ દુબઈ-આબુધાબી
4N-5D, All Inclusive ₹ 24444/- + $499
કેરલા 7N ₹ 18888/- Ex. Cochin
કચ્છ રણઉત્સવ ₹ 5900/- Ex. ભુજ અને વધુ
ઉવ્વસગ્ગહરં-કલકત્તા-ચંપાપુરી-બનારસ
સાથે/સિવાય શિખરજી
યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલિકાઓના પ્રણેતા
તન મન ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708
E-mail : tanmantravels@yahoo.co.in

**અનંત છાયા - ઘાટકોપર માં નિર્માણ થનારા ત્રિશિખર જિનાલયની શીલાન્યાસ વિધિ શાસન દેવની કૃપાથી સારી રીતે પાર પડી એ ખુશીની વાત છે. વળી તેનું નિર્માણ જ્ઞાતિજ કરશે તેથી રૂડું શું હોઈ શકે.** - તન - મન પરિવાર

શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI Continental ™
MADHUBAN - JHARKHAND

## ઘાટકોપર અનંતછાયા ખાતે નિર્માણ પામનારા ત્રિશિખરીય જિનાલયનો શીલાન્યાસ

ઘાટકોપર પૂર્વના આર.બી.મહેતા રોડ (૬૦ ફીટ રોડ) ખાતે આવેલ અનંતછાયા ખાતે નિર્માણ પામનારા ત્રિશિખરીય જિનાલયનો શિલાન્યાસ સોમવાર તા.૧૫.૧૨.૨૦૧૪ના સંપન્ન થયો.

આ આયોજનનો અચલગચ્છાધિપતિ આભ.પ.પૂ.ગુણોદયસાગર સૂરીશ્વરજી મ.સા અને આં.ભ.સાહિત્યદિવાકર પ.પૂ. કલાપ્રભસાગર સૂરીશ્વરજી મ.સા.ના શુભાશિષ સાથે પૂ.ગણિવર્ય શ્રી કવિન્દ્ર સાગરજી મ.સા.આદિઠાણા તેમજ પૂજ્ય સાધ્વી મૂખ્યા રત્નરેખાશ્રીજી મ.સા.આદિઠાણા, પૂજ્ય સાધ્વીશ્રી ચારૂલતાશ્રીજી.મ.સા.ના શિષ્યા ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા.આદિઠાણા, પૂજ્ય સાધ્વીશ્રી જયગુણાશ્રીજી મ.સા.આદિઠાણા તેમજ પૂજય યતિવર્ય શ્રી મોતીસાગરજી મ.સા.ની શુભનિશ્રા પ્રાપ્ત થઈ હતી.

શિલાન્યાસવિધિ માટે નવકારમંત્ર આરાધક વર્ષીતપ તપસ્વી નરેન્દ્રભાઈ નંદુનું માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું.

આ અગાઉ શુક્રવાર તા. ૦૫.૧૨.૧૪ના ખાત મુર્હુતવિધિ તેમજ શનિવાર તા.૨૯.૧૧.૨૦૧૪ના શ્રી નમિઉણ પૂજન સંપન્ન થયા હતા.

ત્રિશિખરીય જિનાલયના પાયારૂપ વિવિધ શિલાઓનું પુજન કરી લાભાર્થી પરિવારો દ્વારા તેના વિશેષ સ્થાને પ્રસ્થાપિત કરવામાં આવી હતી.

**ભૂલસુધાર :** પ્રકાશ સમીક્ષાના અંક નં ૫૦ તા ૬ થી ૧૨ ડિસેમ્બરના ૯મા પાને અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓને પત્ર લખનાર જ્ઞાતિ અગ્રણીનું નામ શ્રી જયંત ભવાનજી સોનીને બદલે શ્રી જયંત વિસનજી સોની એમ છપાયું છે જે સુધારીને વાંચવું.

## એક વિશેષ આયોજન : આધ્યાત્મિક ચિંતન દ્વારા વૈભવ વૃદ્ધિ વિશે સેમિનાર

WJC School of Business અને BSE (Formerly Bombay Stock Exchange) દ્વારા શુક્રવાર, ૧૬ જાન્યુઆરી ૨૦૧૫ ના "આધ્યાત્મિક ચિંતન દ્વારા વૈભવ વૃદ્ધિ" (WEALTH CREATION WITH SPIRITUAL PERSPECTIVE) વિષય પર સેમિનારનું આયોજન શુક્રવાર, ૧૬ જાન્યુઆરી ૨૦૧૫ના સવારના ૯.૩૦ વાગે, ઈન્ટરનેશનલ કન્વેન્શન હોલ, બોમ્બે સ્ટોક એક્સચેન્જ, પહેલે માળે, દલાલ સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦૦૦૧ ખાતે કરવામાં આવ્યું છે.

માનનીય ડો. સત્યનારાયણ જાટિયા, ભૂતપુર્વ કેન્દ્રીય મંત્રી અને હાલના માનવ સંસાધન વિકાસ સમિતિના અધ્યક્ષ આ કાર્યક્રમનાં મુખ્ય અતિથિ છે.

પ્રોફેસર ડો. દિપક જૈન, વિદેશના પ્રસિદ્ધ શિક્ષાશાસ્ત્રી જે USA ની વિખ્યાત Northwestern University Kellogg School of Management ના ડીન હતા અને હમણાં થાયલેન્ડની Sasin Graduate Institute of Business Administration of Chulalongkorn University ના ડીન અને ચેરમેન, આ સેમિનારના મુખ્ય અતિથિ અને વક્તા છે. અન્ય માનનીય વક્તાઓમાં Enam Group ના શ્રી વલ્લભ ભણશાલી અને શ્રી આશિષ કુમાર ચૌહાણ BSE ના MD, CEO ખાસ ઉપસ્થિત રહેશે.

વ્યવસ્થાપનની સુવિધા હેતુ પોતાના આગમનનો સુનિશ્ચિત કરાવવા આ wjcsb2015@gmail.com પર રજીસ્ટ્રેશન કરાવવું આવશ્યક છે. એમ જીતુભાઈ કોઠારી, સેક્રેટરી જનરલ વર્લ્ડ જૈન કોન્ફેડરેશન એ અખબારી યાદીમાં જણાવ્યું છે.




**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.



**Mumbai Office :** Mota Trading P. Ltd. 101, Manratna Business Park, 1st Floor, Junction of Derasar Lane, & Tilak Road, Ghatkopar (E), Mumbai - 400 077, Tel. : 022 4422 9100 /199 Fax : 022 4422 9119

## જૈન સ્થાપત્યકળા
ડૉ. રેણુકા પોરવાલ

સ્થાપત્ય (Architecture)ને ગૃહનિર્માણની વિદ્યા અથવા ચૈત્ય કે ભવનની નિર્માણશૈલી તરીકે સમજી શકાય. ભવનનું સ્થાપત્ય કે બાંધકામ તથા એમાં વપરાયેલ સામગ્રીના આધારે એ ક્યારે સ્થાપિત થયું એ જાણી શકાય છે.

જૈન કળા અને સ્થાપત્યને વિશેષ પ્રોત્સાહન રાજા-મહારાજાઓ તથા મંત્રીઓ તરફથી મળ્યું છે. ભારતના ઇતિહાસના આધારે એમ જણાય છે કે અહીં સદીઓથી રાજ દરબારમાં મંત્રી તરીકે મુત્સદી જૈન વાણિયાઓને પ્રથમ સ્થાન આપવામાં આવ્યું હતું. આ મંત્રીઓએ તેમના કાર્યમાં અજાણતાં પણ, હિંસાને મહત્ત્વ ન આપેલ હોવાથી ઘણી વાર ગુરુદેવો તેમને મંદિર નિર્માણની સૂચના કરતા. જૈન મંત્રીઓ –વિમલશાહ, પેથડશાહ, સજ્જનમંત્રી, વસ્તુપાળ-તેજપાળ, ધરણાશાહ, વીર ધવલ વગેરે શ્રેષ્ઠીઓ દ્વારા નિર્મિત થયેલ અદ્ભુત મંદિરો આપણી અમૂલ્ય ધરોહર છે.

મુસ્લિમ આક્રમણ તથા સાર-સંભાળની ત્રૂટિને કારણે પ્રાચીન મંદિરો ઘણાં નષ્ટ થયા છતાં આજે જૈનો પાસે એનો ભવ્ય ભરપુર ખજાનો ઉપલબ્ધ છે. ભારતીય સંસ્કૃતિ ધાર્મિક વિચારો અને સંસ્કારોથી ઘડાયેલી છે. એની સ્થાપત્યકળામાં પણ ધાર્મિક આસ્થા જ પ્રતિબિંબિત થાય છે. ઉપરાંત અહીં ઉદ્ભવેલ ધર્મોમાં મંગળ પ્રતિકો–કમળ, સ્વસ્તિક, ત્રિછત્ર, મીન યુગલ, હંસ, ફૂલની માળા, ઘંટો, શ્રીવત્સ વગેરે સમાન રૂપે નિરખવા મળે છે. જૈન અને હિંદુ મંદિરોમાં ધજા, દેવદે વીઓ તથા અન્ય સ્થાપત્યમાં નહિવત્ ફરક હોય છે. જૈન મંદિરોમાં તીર્થંકરો અને દેવ-દેવીઓના ચિત્રણ તથા પ્રતિમાઓ શાસ્ત્રાનુસારે સ્થાપિત કરેલી હોય છે. જૈન સ્થાપત્ય અને પ્રતિમા વિજ્ઞાનના પ્રકારો દર્શાવતાં ગ્રંથો–વાસ્તુસાર, વાસ્તુશાસ્ત્ર, અપરાજિત પૃચ્છા, દેવ્યાધિકાર અને વૃક્ષાર્ણવ છે.

### જૈન મંદિરોની સ્થાપત્ય શૈલી

જૈન દેરાસરોની સ્થાપત્ય શૈલીમાં મુખ્યત્વે બે પ્રકાર છે–ઉત્તર ભારતના મંદિરોનું નગર શૈલીનું સ્થાપત્ય અને દક્ષિણ ભારતના મંદિરોનું  દ્રવીડ શૈલી નું સ્થાપત્ય. ગુજરાત, મધ્ય ભારત અને ઉત્તર ભારતમાં નગર શૈલી કે નાગરકલા પ્રમાણે મંદિરોનું બાંધકામ થાય છે. આ શૈલીનું વર્ગીકરણ તેના મુખ્ય મંડપ અને શિખરોના આધારે કરાય છે, જેમકે ચતુર્મુખ પ્રાસાદ, મેરુ પ્રાસાદ, રથ મંદિર, જહાજ મંદિર, વગેરે.

દ્રવીડ શૈલીનો પ્રારંભ દક્ષિણ ભારતમાં કર્ણાટક અને તામિલનાડુ રાજ્યમાં ૬ઠ્ઠી થી ૭મી સદી દરમ્યાન થયો હતો. આ શૈલીના સર્વોત્તમ ઉદાહરણો પટ્ટડક્કલ (કર્ણાટક) અને કાંચીપુરમ્ (તામિલનાડુ)માં જોવા મળે છે જે આજે પણ ઘણી સારી સ્થિતિમાં છે.

જૈન મંદિરો અથવા ચૈત્યોનો ક્રમિક વિકાસ, પ્રથમ સ્તૂપ, ત્યારબાદ ગુફા મંદિરો અને પછી મંદિરોના રૂપમાં અસ્તિત્વમાં આવ્યો. મહાપુરુષોના નિર્વાણ સ્થળે સ્તૂપ બાંધવાની પરંપરા પ્રાચીન સમયમાં પ્રવર્તતી હતી. સ્તૂપનો ઉલ્લેખ આયારચૂલા, સ્થાણાંગસૂત્ર, સમવાયાંગ સૂત્ર, આદિપુરાણ, ભગવતી સૂત્ર, જીવાભિગમ સૂત્ર, જંબૂદ્વિપ પ્રજ્ઞપ્તિ, રાયપસેણીય સૂત્ર વગેરેમાં ચૈત્ય સ્તૂપ તરીકે


**અસલ કલા-કસબનો સમન્વય**

**સિલ્ક સાડી એમ્પોરીયમ**

*Sachi Jari maate real nam*

સાડીઓ • ચણીયાચોળી • ઘરચોળા • બોર્ડરો પાનેતર

• બાંધણીઓ મનભાવન ડીઝાઇનો, શ્રેષ્ઠ ક્વાલીટી અને વ્યાજબી ભાવ...

૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરીબજાર, ખારાકુવા સામે, મુંબઇ- ૦૨.

Tel. : 22413995 / 22402786

સરનામું : ૨૮, ગની મેન્સન, શૉપ નં ૧, અરોરા થિયેટરની પાછળ, માટુંગા (સે.રે.)

કિંગ સર્કલ, મુંબઈ -૧૯ ફોન નં-2404 3995/93222 58574


**અનુમોદના**



**શ્રીમતી પ્રેમીલાબેન ઉતમચંદ મોતા**

(સુથરી - વડોદરા)

**પ.પુ મુની ભગવંતશ્રી સર્વોદયસાગરજી મ.સા.**
**આદી ઠાણાની દીવ્યકૃપા અને આશીર્વાદથી**
**આપની ૭૮ (અઠ્ઠોતેર) મી આયંબીલની ઓળી**
**સુખશાતા પુર્વક પુર્ણ થયેલ છે.**
**આપની આ ઉગ્ર તપશ્ચર્યા બદલ અમે**
**ગૌરવ અનુભવીએ છીએ.**
**શ્રી ધૃતકલ્લોલ દાદા આપને ધર્મ આરધનાની**
**વધુ શક્તિ આપે. એવી શુભકામના.**
**માતુશ્રી હીમાબાઈ નવીનચંદ ધરમશી**
**સૌ. ચિ. ભાવિકા યોગેશકુમાર લોડાયા**
**ચિ. યશ્વી યોગેશકુમાર લોડાયા**

# શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતાંબર જૈન સંઘ

(રજી. નં. એ/૨૮૯૮ (મુંબઈ) તા. ૧૯/૧૧/૧૯૬૯)

સ્થાપના : સં. ૨૦૨૪

ન્યુ હનુમાન બિલ્ડિંગ, ૧૧૦-બી, કેશવજી નાયક રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૯. ફોન (૦૨૨) ૨૩૭૨ ૯૩૦૪


તા. ૦૮/૧૨/૨૦૧૪

## સંઘના હિતનો નિર્ણય

**"શ્રી સંઘના ટ્રસ્ટીઓની તા. ૧૨/૧૨/૨૦૧૦ ની સભામાં** બે પૂજ્ય મુનિવરોને સંસારમાં પાછા મોકલી આપવા તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ પ. પૂ. આ.ભ. **શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ. સા.** ને કરાયેલ અનુરોધ અને વિનંતી ના ઠરાવના અનુસંધાનમાં શ્રી સંઘના વર્તમાન ટ્રસ્ટીઓ અને અધિકારીઓએ બન્ને પૂજ્ય આચાર્ય ભગવંતો, ગણિવર્યો તથા વરીષ્ટ સાધુ-સાધ્વીજી ભગવંતોની સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ તેમજ અચલગચ્છના મોટા ભાગના સંઘો અને મહાજનોના મંતવ્યો જાણ્યા બાદ મજુકુર ઠરાવ અંગે પુનઃ વિચાર કરવાનું નક્કી કર્યુ. આ માટે ભારત ભરના અચલગચ્છના ૩૦૦ થી અધિક સંઘો તથા મહાજનોને તા. ૧૮/૦૮/૨૦૧૪ ના રોજ તેમના અભિપ્રાય અંગે પત્ર મોકલાવેલ જેના પ્રત્યુત્તરમાં બહુમતી સંઘો તથા મહાજનોએ મજકુર પ્રસ્તાવને સંમતિ દર્શાવેલ છે. **શ્રી કચ્છી વિશા ઓસવાલ દેરાવાસી જૈન મહાજન - મુંબઈ** એ ખબરપત્રિકાના માધ્યમથી મજકુર ઠરાવને રદ્દ બાતલ ગણાવાની જાહેરાત કરી છે જે બદલ શ્રી ક.વિ.ઓ.દે. જૈન મહાજન - મુંબઈ ને અમે ધન્યવાદ આપીએ છીએ.

**આથી આજની સોમવાર તા. ૦૮/૧૨/૨૦૧૪ રોજની સભા સર્વાનુમતે ઠરાવે છે કે પૂજ્ય મુનિરાજ શ્રી રાજરત્નસાગરજી મ. સા. અને પૂજ્ય મુનિરાજ શ્રી પ્રિયંકરસાગરજી મ. સા.અંગેનો ટ્રસ્ટબોર્ડનો તા. ૧૧/૧૨/૨૦૧૦ નો ઠરાવ રદ્દ થયેલ ગણીએ છીએ. જેની જાણ સર્વે સંઘો અને મહાજનોને કરીએ છીએ.**

તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ પ. પૂ. આ.ભ. **શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ. સા.** ની દોરવણી અને પાવન નિશ્રામાં ગચ્છમાં વિવિધ નવા અનુષ્ઠાનો યોજાય અને સમગ્ર જૈન સમાજમાં અચલગચ્છ એક પ્રગતિશીલ ગચ્છ તરીકે ઉમંગભેર આગળ આવે એવી આંતરિક મનોકામના સેવીએ છીએ.

**અચલગચ્છની એકતા અને ઉન્નતિ એજ અમારૂ લક્ષ્ય છે."**

લિ.

શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘ

(શામજી નરશી દંડ)

પ્રમુખશ્રી

મળે છે. અષ્ટાપદ, વૈશાલી અને મથુરામાં વિશાળ સ્તૂપો હતા જેનું સુંદર વર્ણન ગ્રંથોમાં મળે છે. અષ્ટાપદના શિખર પર ભરત મહારાજાએ સિંહનિષિધ્ય આયતન નામના સ્તૂપનું નિર્માણ કરાવી એમાં ચોવીશ તીર્થંકરોની પ્રતિમાઓ સ્થાપિત કરી હતી. વૈશાલીમાં જગરમણ સ્તૂપમાં મુનિસુવ્રતસ્વામી મૂલનાયક હતા જેનો કોણિકરાજાએ નાશ કર્યો હતો. મથુરા નગરીનો દેવ નિર્મિત સ્તૂપ દશમી સદી સુધી ઘણી સારી સ્થિતિમાં હયાત હતો પરંતુ એનો મહમ્મદ ગઝનીએ વિનાશ કર્યો. ત્યારબાદ જૈન સંઘે એનો પાંચ વર્ષમાં જ જીર્ણોદ્ધાર કર્યો. તેરમી સદીમાં જિનપ્રભસૂરિએ મથુરાની યાત્રા કરીને સ્તૂપનું સુંદર વર્ણન વિવિધ તીર્થકલ્પમાં આપ્યું છે. પરંતુ લગભગ ૧૭મી સદીમાં એના પર ફરી આક્રમણ થયું અને એનો સંપૂર્ણ નાશ થયો.

**મથુરાના સ્તૂપનું સ્થાપત્ય**

મથુરામાં ઈ. સ. ૧૮૮૨ થી ૧૮૯૨માં પુરાતત્ત્વ વિભાગ દ્વારા સ્તૂપના સ્થળેથી ઉત્ખનન કરતાં એક ગોળાકાર ભવનનો પાયો મળી આવ્યો. એનો વ્યાસ ૪૭ ફૂટ તથા એમાં કેન્દ્રથી પરિધિ સુધી માટી અને ઈંટોની દિવાલો હતી. અંગ્રેજ વિદ્વાન વિન્સન્ટ સ્મીથના મંતવ્ય મુજબ એ અવશેષોના પાયા મોહંજોડેરો પછી મળી આવેલ ભવનોમાં સૌથી પ્રાચીન ગણાય. આ સ્થળેથી પ્રચુર માત્રામાં પ્રતિમાઓ અને શિલ્પો મળ્યા. એક પ્રતિમાના પબાસનના શીલાલેખ મુજબ તેને કુષાણ સંવત ૭૯ (ઈ. સ. ૧૫૭)માં દેવનિર્મિત સ્તૂપમાં સ્થાપિત કરેલ હતી. આ શિલાલેખ પરથી ફલિત થાય છે કે સ્તૂપને દેવોએ નિર્માણ કરેલ હતો તથા એ ઘણો પ્રાચીન હોવાથી તે સમયે જૈનોમાં સ્તૂપનું બાંધકામ ઘણું ઊંચા દરજ્જાનું થતું હતું. અહીંના ઘણાં શિલ્પોમાં સ્તૂપ કંડારેલા છે. જે આજે સમવસરણના સ્થાપત્યને મળતા આવે છે. એક તોરણ પર સ્તૂપની પૂજા કરવા માટે સુપર્ણો અને ગ્રીક દેવો આવે છે એવું શિલ્પાંકન પણ છે.

કાળક્રમે સ્તૂપના બાંધકામની પરંપરા ઓછી થઈ અને એનું સ્થાન ગુફા મંદિરોએ લીધું.

**જૈન ગુફા મંદિરો**

પ્રાચીન સમયમાં સાધુઓ કુદરતી ગુફાઓ, જંગલો, વનો અને ઉદ્યાનોમાં રહેતા અને ફક્ત ચાતુર્માસ દરમ્યાન વસ્તીમાં આવતા. ગુફાઓમાં તેઓ ધ્યાન કરવા માટે તીર્થંકરોની પ્રતિમાઓ કોતરીને તૈયાર કરતા. ગુફાઓ ઘણીવાર પહાડોને કાપીને બનાવવામાં આવતી જેમાં પરસાળ, આવાસ માટેની ઓરડીઓ, સ્તંભો વગેરેનું નિર્માણ કરવામાં આવતું. અહીં તીર્થંકરોના જીવનના કલ્યાણક પ્રસંગોનું પણ આલેખન થતું હતું. આવી જૈન ગુફાઓ ઉદયગિરિ, ખંડગિરિ, રાજગિરિ, પભોસા, ઉદયગિરિ (વિદિશાની પાસે મધ્ય પ્રદેશ), એલોરા, દેવગઢ, બદામી, ઐહોલે, મદુરાઈ, સિતાનાવત્સલ, તિરૂમલાઈ, જિનકાંચી વગેરે અનેક સ્થળોએ જોવા મળે છે. કુદરતી સૌંદર્યથી ભરપુર આ ગુફાઓમાં જૈન ધર્મના અતિ પ્રાચીન બ્રાહ્મી લિપિના શિલાલેખો પણ છે. જૈન સાધુઓના રહેણાંક માટે વિશિષ્ટ રીતે બનાવેલ ઘણી ગુફાઓમાં શૈયાઓ (Sleeping Beds) ઓશિકા સહિતની છે. આવી શૈયાઓ લગભગ વીસ જેટલી ગુફાઓમાં આવેલ છે. તામિલનાડુ રાજ્યમાં બ્રાહ્મી લિપિ અને ભાષા તામિલવાળા ૮૯ લેખોમાંથી ૮૫ જૈનધર્મના છે. પર્વતની ટોચ પર કંડારેલી પ્રતિમાઓ જોઈને એ કાર્ય કેવી રીતે કરવામાં આવ્યું હશે એની કલ્પના કરવી પણ અશક્ય લાગે છે. બદામી તથા ઐહોલેના ગુફા મંદિરોમાં ઘણી વિશાળ જૈન તીર્થંકરોની પ્રતિમા છે. ગુફામાં મંદિર પ્રકારની બાંધણીની પ્રથા ઈ. સ.ની ૬ઠ્ઠી સદી સુધી હયાત હતી. એલોરાની ત્રણ માળની જૈન ગુફા તે સમયના સ્થાપત્યની ઝાંખી કરાવે છે. ઈન્દ્રસભા મંદિર(એલોરા) દ્રવીડ શૈલીનું છે. અહીં ઈ. સ. ૮૦૦ સુધીનું સર્જન જોવા મળે છે.


**દંડ પરિવાર તથા લોડાયા પરિવારનું ગૌરવ**



**ચિ. કાવ્યા રાહુલ શાહ (દંડ)**

**વર્ષ ૨૦૧૩ / ૧૪ નો સ્કુલમાં એકેડમી એક્ટીવીટીમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત થયા બદલ ગૌરવ અનૂભવીએ છીએ ઉત્તરોત્તર પ્રગતિ થાય એવા શુભ આશીષ સાથે.**

**માતુશ્રી નવલબાઈ વીરચંદ દંડ પરિવાર (છાદુરા - સુરત)**

**માતુશ્રી ઝવેરબાઈ કલ્યાણજી લોડાયા પરિવાર (તેરા - વડોદરા)**

અહીંની ગુફાઓમાં અંબિકા, પ્રભુ પાર્શ્વ, બાહુબલી, વગેરેની પ્રતિમાઓ તેમના જીવનના મહત્ત્વના પ્રસંગોને અનુરૂપ કોતરેલી છે.

ઓરિસ્સામાં ભુવનેશ્વરથી ૩ માઈલના અંતરે ઉદયગિરિ- ખંડગિરિ (કુમાર-કુમારી) નામની નાની પહાડીઓમાં ૩૩ જેટલી ગુફાઓ જૈન સાધુઓના રહેવા માટે બનાવેલ હતી. આ ગુફાઓમાં નાની ઓરડીઓમાં ધ્યાન ધરવા માટેની વ્યવસ્થા, પરસાળ, બહારની તરફ સ્તંભો, તોરણમાં પ્રભુ પ્રાર્થના જીવન સંબંધી શિલ્પો, પ્રભુની પ્રતિમાજીઓ ઉપરાંત અહીં ખારવેલનો પ્રસિદ્ધ શિલાલેખ પણ છે. આ શિલાલેખના ઉલ્લેખ મુજબ નંદરાજાના સમયમાં અહીં એક વિશાળ મંદિર હતું જેમાં કલિંગ જિન ની પ્રતિમા હતી. આ પ્રતિમા નંદરાજા પાટલીપુત્ર લઈ ગયો હતો. પરંતુ એને રાજા ખારવેલ ૧૫૦ વર્ષ પછી કલિંગમાં લાવ્યો અને ફરી એને મોટા ઉત્સવપૂર્વક સ્થાપિત કરી. આ સર્વ હકીકતો રાજાએ શિલાલેખમાં આપી છે, જે ઈ. સ. પૂર્વે બીજી સદીનો છે જેનો આરંભ નવકાર મંત્રના બે પદથી થાય છે. આટલા પ્રાચીન સમયમાં ત્યારે મંદિરો અને પ્રતિમાઓનું અસ્તિત્વ હતું. ત્યાર પછી પણ ત્યાં દશમી સદી સુધી જિન પ્રતિમાઓ, દેવ દેવીઓ, ગુરુની પ્રતિમાઓ વગેરે કોતરવામાં આવતી હતી. ત્યાં આજે પણ પૂજા-અર્ચના થાય છે.

મધ્ય પ્રદેશના દેવગઢમાં ૨૨ ગુફાઓ છે, જ્યાં અન્ય ધર્મીઓએ કબ્જો લઈ લીધો હોવાથી પ્રભુ પાર્શ્વનાથની પ્રતિમાવાળી બે ગુફાઓ જ જૈનો પાસે છે. આ ગુફા અને પ્રભુ પ્રતિમા ચંદ્રગુપ્ત દ્વિતિયના સમયની છે.

ઐહોલેની નજીક મૈના બસતીના ગુફા મંદિરનું સ્થાપત્ય કલામય છે. અહીંની છતોમાં વિવિધ પ્રતીકો—મિથુન, નાગ, સ્વસ્તિક વગેરે અતિ કલામય રીતે ઉત્કિર્ણ કરેલા છે. ગુફામાં દાખલ થતાં રંગમંડપમાં છતમાં ઉપરોક્ત શિલ્પાંકન છે તથા ગર્ભગૃહને અલગ દર્શાવવા માટે ત્રણ સ્તંભો છે જ્યાં અંદર પ્રતિમાજીઓ સ્થાપિત થયેલ છે. આ ગુફા મંદિરની વિશિષ્ટતા એ છે કે અહીં મંદિર સ્થાપનાનો અહેવાલ ઈ. સ. ૬૩૪માં કાવ્યમય પ્રશસ્તિના રૂપમાં કંડારેલો છે. બદામીની ગુફાઓમાં (૬ઠ્ઠી થી ૭મી સદી) બાહુબલીની વેલ સાથેની પ્રતિમા શ્રવણબેલગોલા કરતાં પણ ઘણી પ્રાચીન છે. આ સ્થળ તે સમયે ઘણું મહત્ત્વનું હતું. કારણ કે રાષ્ટ્રકૂટવંશના રાજા અમોઘવર્ષ અહીં જ સંલેખના વ્રત લઈ મોક્ષે ગયા. ગુફા મંદિરોની સાથે સમાંતરે નગરોમાં પણ દેરાસરો હતા જ. પાટલીપુત્રની નજીક આવેલા લોહાનીપુરમાં જૂના જૈન મંદિરના પાયામાંથી જૈન પ્રતિમા પ્રાપ્ત થઈ છે જેની ઉપરનો ચળકાટ અશોકરાજાએ સ્થાપિત કરેલ સ્તંભ જેવો છે. તે ઉપરાંત વડોદરાની પાસે આકોટા, વલ્લભીપુર, મહુડી, ચૌસા (બિહાર), વસંતગઢ (મારવાડ) વગેરે સ્થળોથી મળી આવેલ લગભગ પાંચમી સદીની કાંસ્ય પ્રતિમાજીઓ ત્યાંના દેરાસરોની હાજરી દર્શાવે છે.

### મંદિરોની નિર્માણ શૈલી

મંદિરોના નિર્માણમાં બે પ્રકારના સ્થાપત્યનો ઉલ્લેખ (નાગર શૈલી અને દ્રવિડ શૈલી) આપણે જોયો. દ્રવિડ શૈલીનું ફરી વર્ગીકરણ કરતા બસદી (બસતી) અને બેટ્ટા એમ બે પ્રકાર જોવા મળે છે. બસદી માં ગર્ભગૃહની આગળના મંડપમાં વિપુલ માત્રામાં સ્તંભો હોય છે તથા જૂજ અપવાદ સિવાય અહીં પરિક્રમા હોતી નથી. આ વિકસિત રૂપમાં હોઈશાલા વંશમાં ઘણાં મંદિરો શ્રવણબેલગોલા, જિનનાથપુર, હુમચ, લકુંડી, મુડબદ્રિ, કારકલ, વેનુર ઘણે સ્થળે સ્થાપિત થયા. દિગંબર જૈન મંદિરોમાં મંદિરમાં પ્રવેશ પહેલાં માનસ્તંભ હોય છે જેમાં ઉપરની બાજુએ સર્વતોભદ્ર પ્રતિમાજી સ્થાપિત કરવામાં આવે છે. બેટ્ટા પ્રકાર નાની ટેકરી પર મંદિર હોય એને કહેવાય.


**શ્રી કચ્છ સુજાપુર અજિતનાથજી જિનાલયે**
**૧૩૩મી અનમોલ ધ્વજારોહણ મહોત્સવમાં**
**આપ સૌને ભાવભર્યું આમંત્રણ**

સર્વ સુજાપુરવાસીઓ અને નિયાણી બહેનો ને આગ્રહભરી વિનંતી કે આ પ્રસંગે સમયસર પધારી આપણા ગામની અને ગચ્છની શોભા વધારવા વિનંતી.

**મહાસુદ ૫ તા ૨૪.૧.૧૫ શનિવાર બપોરના**
**૩ કલાકે અઢાર અભિષેક અને રાત્રીભાવના**
**મહાસુદ ૫ તા. ૨૫.૧.૧૫ રવિવાર સવારના**
**૯ કલાકે ૧૭ ભેદી પૂજા અને ધ્વજારોહણ**
**અને ધુવાબંધ ગામ જમણ**

વિધી વિધાન માટે : શ્રી કેવલભાઈ સાવલા પોતાની મંડળી સાથે પધારશે ધ્વજારોહણ મહોત્સવ ભક્તોથી શોભે તમારા સર્વ કાર્યો તજીને વેળાસર પધારજો. આ પ્રસંગે છે શ્રી અજીતનાથ દાદાનો અતિ આગ્રહભરી વિનંતીથી દરવખતની જેમ પ.પૂ. ગુરૂભગવંતોની નિશ્રા આપણે મળશે.
આપના આગમનના અભિલાષી

**શ્રી ક.સુશ્રી અજિતનાથજી જૈન દે. ટ્રસ્ટ વતિ :**
શ્રી હિરાચંદ વ. શાહ : 9820051915,
શ્રી કાંતિલાલ શા ખોના : 022 - 25022239,
શ્રી લેરીન વ. ખોના : 9820193339
શ્રી હંસકુમાર લ. છેડા : 9821165961,
શ્રી જીતેન્દ્ર સો. છેડા

શ્રવણબેલગોલા શહેર અને બાહુબલીની પ્રતિમા (ઈ. સ. ૧૦મી સદી) વિશ્વના હેરિટેજમાં ગણાય છે. અહીં વિંધ્યગિરિ અને ચંદ્રગિરિ બે નાની પહાડીઓ પર ઘણાં જૈન મંદિરો છે. વિંધ્યગિરિ પર દસમી સદીમાં અતિ ભવ્ય બાહુબલીની પ્રતિમા ગંગવંશના મંત્રી ચામુંડરાયે સ્થાપિત કરાવી હતી. ચંદ્રગિરિ પર ૧૯ મંદિરોનો સમૂહ છે. દિગંબર સંપ્રદાયની માન્યતા મુજબ ચંદ્રગુપ્ત મૌર્યે અહીં સંલેખના વ્રત લીધું હતું.

મુડબદ્રિમાંનું મુખ્ય મંદિર ત્રિભુવનતિલક ચુડામણી ઈ. સ. ૧૦૩૦માં તૈયાર થયું. એના શિખરો પીરામિડીયલ શૈલીના છે. ઘણાં સ્તંભોથી શોભિત રંગમંડપ ત્રણ છે. આ મંદિર દ્રવીડ શૈલીનું બસદી પ્રકારનું છે. પટ્ટકલમાં ત્રણ માળનું જિનાલય દ્રવિડ શૈલીનું છે. અહીં જમીનથી શિખર સુધી ચતુષ્કોણ રચના છે. પટ્ટડક્કલ અને કાંચીપુરમ્‌ના દ્રવિડ શૈલીના મંદિરો લગભગ ૬ઠ્ઠી સદીના છે અને ઘણી સારી સ્થિતિમાં આજે પણ છે. દક્ષિણ ભારતનું મૂડબદ્રિ (કર્ણાટક) મંદિર વિપુલ સ્તંભોથી યુક્ત છે જે ઈ. સ. ૧૪૭૦માં બંધાયું હતું. હલિબિડુમાં એક સમયે ૧૨૦ જિન મંદિરો હોવાની અનુશ્રુતિ છે. હવે ગામની અંદર ફક્ત ફક્ત ત્રણ જૈન મંદિરો જ જોવા મળે છે.

લક્કુંડી (જિલ્લો ધારવાડ)નું બ્રહ્મ જિનાલય ૧૧મી સદીમાં તૈયાર થયું હતું. આ મંદિર પણ ચતુષ્કોણ તલમાળથી પ્રારંભ થઈ ત્રણ માળ સુધી ચતુરા શિખરમાં વિકાસ પામતું દ્રવીડ શૈલીનું ઉત્તમ ઉદાહરણ છે. બેલગામમાં પણ દશમી સદીના મંદિરનો ઘુમ્મટ કમળની કલાકૃતિથી ભરપુર છે.

### નાગર શૈલી

ઉત્તર ભારત, મધ્ય પ્રદેશ અને પશ્ચિમ ભારતમાં નાગર શૈલીના ઉત્તમ મંદિરો તૈયાર થયા છે. નાગર શૈલી અને દ્રવીડ શૈલી મુખ્યત્વે એના શિખરોથી અલગ પડે છે. ઉપરાંત નગર શૈલીમાં પંચરથ પ્રકારના શિખરો પણ દશ્યમાન થાય છે. ખજુરાહોનું પાર્શ્વનાથ મંદિર શાંધાર પ્રાસાદ કલાનું ગણાય. એમાં ગર્ભગૃહ, અંતરાલ, મંડપ અને અશ્વમંડપ હોય છે. અહીં ઘંટાઈનું એક જીર્ણમંદિર છે જેમાં સ્તંભો પર ઘંટડીઓની કલાત્મક ગોઠવણી તથા ત્રિશલા માતાના સ્વપ્નો અલંકૃત કરેલા છે. દેવગઢમાં ૯મી સદીથી લઈ ૧૨મી સદી સુધીના ૩૧ મંદિરો છે, જેમાં પંચરથ પ્રકારના શિખરો છે. આબુના વિમલવસહી અને લુવસહી મંદિરમાં અંદર અદ્‌ભુત કલામય પત્થરની કોતરણી છે. અહીંના પિરામીડ આકારના શિખરો તથા આરસની દેવકુલિકા અને કલાત્મક ગુંબજોથી જ આ પ્રકારના આરસના મંદિરો બાંધવાની પરંપરા અસ્તિત્વમાં આવી.


Hazel Tours FOR YOUNGSSTERS

Refreshing Fun Tours, Meet Craziest People, Cherish Memories, Rejuvenate Life....

**Age Group - 14 to 25 years**

Tours/ Camps/ Adventurous Trekking Programme 2015

Dep. Dates:

| | | |
|---|---|---|
| Goa | 5 Nights/ 6 Days | 30 March & 3 April |
| Kashmir | 10 Nights/ 11 Days | 30 March, 9, April, 4, 21 May |
| Darjeeling – Sikkim | 12 Nights/ 13 Days | 11, 25 April |
| Andaman | 6 Nights/ 7 Days | 12 April |
| Kinnaur – Sangla | 11 Nights/ 12 Days | 3, 12, 21 May |
| Kumaon | 9 Nights/ 10 Days | 13, 27 April, 4 May |
| Himachal | 9 Nights/ 10 Days | 1, 15, 29 April |
| Bhutan | 11 Nights/ 12 Days | |
| Leh Ladakh | 12 Nights/ 13 Days | |
| Markha Valley Trek | 10 Nights/ 11 Days | |



PACKAGE INCLUSION:
- All Sight seeing
- All Meals
- Ex. Mumbai Packages

Our own Staff, Maharaj and Kitchen Caravan – Jain & Non Jain Food

FAMILY PACKAGE – DAILY DEPARTURES FROM MARCH TO JUNE
Ex. Mumbai Air Packages
Kashmir ·Darjeeling – Sikkim·
Leh Ladakh ·Kinnaur Valley

HAZEL TOURS Khar, Mumbai
Off. +91 84548 47518 / +91 99696 97518
Website: www.hazeltnt.in
Esha Chheda / Pankaj Chheda
Mob:+91 98695 59938

રાણકપુરનું ત્રૈલોક્ય દીપક પ્રાસાદ કળાનું ચતુર્મુખ મંદિર એના સ્થાપત્ય અને કળા બંને માટે અજોડ અને અદ્વિતિય ગણાય. ઈ. સ. ૧૪૩૯માં તૈયાર થયેલ આ મંદિરોના શિખરોની રચના નલિની ગુલ્મ વિમાનની છે. અહીંના ૧૪૪૪ કોતરણીયુક્ત સ્તંભો અને તેમાં પણ કેટલાકની ઊંચાઈ ૪૦-૪૫ ફૂટથી પણ વધુ, સંપૂર્ણ દેરાસરને ભવ્યતા બક્ષે છે. મુખ્ય મંદિરની આજુબાજુ ૭૨ તથા ચાર ખુણામાં વધુ એક એક દેરાસર એમ બધું મળીને ૭૬ દેરીઓ તથા મુખ્ય (ચોમુખજી) ગર્ભગૃહની ચારે તરફના વિશાળ રંગમંડપો અતિ રમણીય લાગે છે. મૂળનાયક શ્રી ઋષભદેવની ચૌમુખી પ્રતિમાનું ગર્ભગૃહ, ૭૬ દેવકુલિકાઓની હારમાળામાં મધ્યમાં પેન્ડન્ટ સમાન દૃષ્ટિ ગોચર થાય છે.

ઘાણેરાવનું મહાવીર મંદિર નગર શૈલીમાં સાંધાર પ્રાસાદ પ્રકારનું છે. પ્રો. મધુસુદન ઢાંકી એને દશમી સદીમાં બંધાયેલ મારુ-ગૂર્જર સ્થાપત્ય તરીકે ઓળખાવે છે. જેસલમેરના કિલ્લામાં પીળા પથ્થરમાંથી તૈયાર કરાયેલ સાત દેરાસરોનો સમૂહ છે. આ મંદિરો ઈ. સ. ૧૫ થી ૧૬મી સદી દરમ્યાન સ્થાપિત થયા. ઓશિયાજીમાં મહાવીર સ્વામીનું મૂળ મંદિર ૮મી સદીનું મારુ-ગૂર્જર શૈલીનું છે. તારંગાનું શ્રી અજિતનાથનું મંદિર (ઈ. સ. ૧૧૬૫) કુમારપાળ રાજાએ સાંધાર મેરૂ પ્રાસાદ પ્રકારનું પ્રભાવશાળી બનાવ્યું. આ પ્રકારમાં ગુઢમંડપને મૂળ પ્રાસાદ સાથે જોડીને સાથે અંદર પ્રદક્ષિણાપથ રાખવામાં આવે છે. તારંગામાં દિગંબર જૈન મંદિરની એક દેવકુલિકાની બારશાખ પર પ્રાચીન શિલાલેખ છે.

કુંભારિયાના પાંચ જૈન મંદિરો ઈ. સ. ૧૧૭૬થી ઈ. સ. ૧૨૩૧ વચ્ચે બંધાયા. અહીં મંદિરના ઘુમ્મટોમાં તીર્થંકરોના જીવન પ્રસંગો કલામય રીતે કંડારાયેલા છે. તારંગા અને કુંભારીયાજીમાં મંદિરની બહાર ભમતીમાં અલગથી નંદિશ્વર દ્વીપની રચના છે જ્યાં ભક્તગણ સ્થાન પર દરેક મંદિરના પૂજા-અર્ચન કરી શકે છે. મધ્યકાળમાં ઘણાં મંદિરોમાં મુસ્લિમ સ્થાપત્યના તત્ત્વોને બાંધકામમાં ઉમેરવામાં આવ્યા. રતલામના બાબાશાહના મુખ્ય મંદિરની ટોચ પર ચાર મિનાર જેવા સ્તંભોનું ચિત્રણ છે તથા ત્યાંના શાંતિનાથ મંદિરની ચાર બાજુએ ઊંચા મિનારા છે. જેની અંદરની બાજુએ ઉપર તરફ તીર્થંકરની પ્રતિમા સ્થાપિત કરી છે. પાટણ, ખંભાત, ભરૂચ વગેરે શહેરોમાં પ્રાચીન મંદિરો ઘણી ઉત્કૃષ્ટ કક્ષાના છે પરંતુ આજે એ સર્વ આર્કીયોલોજી સર્વે ઓફ ઈન્ડિયાના હાથમાં છે.

અર્વાચીનકાળમાં મેરુ પ્રાસાદ, રથ મંદિર, જહાજ મંદિર વગેરે પ્રકારો મંદિરની બાંધણીમાં જોવા મળે છે. ભોપાવર (મ. પ્ર.), સોમનાથનું શિવજીનું મંદિર સાંધાર મેરૂ પ્રાસાદ પ્રકારનું અતિ વિશાળ છે. રથ મંદિરમાં મંદિરની બંને તરફ પૈડા (ચક્ર)નું શિલ્પ કંડારવામાં આવે છે, જેથી સંપૂર્ણ મંદિર રથ જેવું લાગે. મધ્ય પ્રદેશમાં માતમોર ગામે શ્રી માણિભદ્રજીનું મંદિર, ભાયંદર (મુંબઈ), પુના વગેરે સ્થળોએ રથાકાર મંદિર જોવા મળે છે.

જહાજ મંદિરના જેવું સ્વરૂપ માંડવલા રાજસ્થાનમાં તૈયાર થયું છે. આ મંદિરની વિચારધારા દર્શાવે છે કે જીવને સંસાર સાગરમાંથી પાર ઉતારવા માટે ફક્ત પ્રભુનો સહારો જ છે. પ્રભુ પોતે તર્યા છે અને અન્ય જીવોનો પણ ઉદ્ધાર કરશે માટે જ તેઓ તિન્નાણં તારયાણં, કહેવાય છે. માંડવલા ઉપરાંત આવા મંદિરો કોલ્હાપુરમાં જોવા મળે છે. બાવન જિનાલય તથા બોંતેર જિનાલયમાં મુખ્ય મંદિરની આસપાસ નાની ૫૧ દેરીઓ અને ૭૧ દેરીઓની બાંધણી અનુક્રમે કરાય છે. જેથી મુખ્ય મંદિર સાથે એ, બાવન કે બોંતેર જિનાલય કહેવાય.

**સંકલન :**

પ્રભુ મૂર્તિને કેન્દ્રસ્થાને રાખી જૈન સ્થાપત્યકળા ઉત્તરોત્તર વિકાસ પામતી ગઈ. ખારવેલના લેખ મુજબ નંદરાજાના સમયમાં પણ મૂર્તિપૂજા, મંદિરો અને ગુફા મંદિરો અસ્તિત્વ ધરાવતા હતા. જૈનોએ મંદિર નિર્માણમાં પ્રચલિત નવી શૈલી હંમેશાં અપનાવી છે.

સ્તંભ પર આધારિત સ્થાપત્યમાં મૂડબદ્રિ અને રાણકપુર અજોડ કહેવાય. રાણકપુરમાં ભીંત પરનું સહસ્ત્રફણા પાર્શ્વનાથ, ઘુમ્મટ પરની કલ્પપત્ર (કલ્પવેલી)માં કલાકારોએ પોતાનું કૌશલ્ય દર્શાવ્યું છે. દક્ષિણ ભારત અને ઉત્તર ભારતમાં પણ ઘણે સ્થળે સ્થાપિત કરાયેલા માન સ્તંભો દિગંબર સંપ્રદાયનું મહત્ત્વનું યોગદાન દર્શાવે છે. જૈન સ્થાપત્યમાં જૈનોની કલા પ્રત્યેની આગવી સૂઝ તથા પ્રભુ ભક્તિની વિરાટ ઊંચાઈના દર્શન થાય છે.

અંતમાં ત્યાગ, તપસ્યા, તપ અને આરાધનાની ફલશ્રુતિ માટે પર્યુષણના કર્તવ્યમાં ચૈત્ય પરિપાટી અર્થાત્ તીર્થસ્થળોની યાત્રાનું વિધાન છે. માનવ જીવનને સાર્થક કરતી તીર્થયાત્રા હંમેશાં પ્રાકૃતિક સૌંદર્યથી ભરપુર ક્ષેત્રમાં હોવાથી તન અને મન બંને પ્રફુલ્લિત થાય છે. તીર્થ ક્ષેત્રમાં પ્રવેશ અને એના સુંદર સ્થાપત્યયુક્ત જિન મંદિર, જિનેશ્વર ભક્તોને જીવનનું ચરમ લક્ષ પ્રદાન કરે છે.

નોંધ : **જૈન દેરાસરોમાંના ભાગો** અલગ અલગ નામે ઓળખાય છે જે નીચે મુજબ છે- ૧. પ્રાસાદ અથવા મુખ્ય મંદિર (સંપૂર્ણ), ૨. ગર્ભગૃહ કે ગૂઢ મંડપ, ૩. પ્રદક્ષિણા માર્ગ-ત્રીક (મુખ મંડપથી શરૂ કરી ત્રણ વાર કરવી.), ૪. રંગ મંડપ (ભક્તો પ્રભુને પ્રાર્થના કરે છે તે સ્થળ), ૪. વલનક (પગથિયાં પછી ઉપર જઈ મંદિરમાં અંદર જવાનો માર્ગ), ૫. આસપાસની દેવકુલિકાઓ.

***- પ્રબુદ્ધ જીવનમાંથી સાભાર (તસ્વીરો માટે જુઓ છેલ્લું કવર)***

## પાલીતાણા માટે મુંબઈથી સીધી રેલસેવા

જૈનોના પવિત્ર ધામ પાલિતાણા માટે મુંબઈથી સ્પેશ્યલ ટ્રેન ગત ૫ ડિસેમ્બરથી શરૂ કરવામાં આવી છે.

અઠવાડિયામાં એક વાર દોડનારી આ ટ્રેન દર ગુરૂવારે બપોરે બાંદ્રા ટર્મિનસથી ૧૨.૫૫ વાગ્યે ઉપડશે ને બીજા દિવસે વહેલી સવારે ૩.૦૫ વાગ્યે પાલિતાણા પહોંચશે. પાલિતાણાથી દર બુધવારે ચાર વાગ્યે ટ્રેન ઊપડશે ને બીજા દિવસે એટલે કે ગુરૂવારે વહેલી સવારે ૬.૧૫ વાગ્યે બાંદ્રા ટર્મિનસ પહોંચશે.

આ નવી વીકલી સુપર ફાસ્ટ ટ્રેનનો વાર અને સમય બદલવાની તેમજ પહેલાં જ દિવસે પ્રવાસીઓના મળેલા અદ્‌ભુત રિસ્પૉન્સ બાદ મુંબઈથી એને અઠવાડિયામાં એકને બદલે ત્રણ વાર દોડવાની માગણી જૈનો દ્વારા રેલવે-મિનિસ્ટર સુરેશ પ્રભુને કરવામાં આવી છે.

ટ્રેનના સમયની સાથે વાર પણ બદલવો જોઈએ એવું જણાવતાં જૈન આગેવાન રમેશભાઈ મોરબીયાએ કહ્યું હતું કે 'ટ્રેનનો ટાઈમ બદલતાં પહેલાં રેલવેએ જોકે મુંબઈથી ટ્રેન છોડવાનો દિવસ ગુરૂવારને બદલે બુધવાર કરી નાખવો જોઈએ, કારણ કે ગુરૂવારે મુંબઈથી પાલિતાણા જનારા યાત્રાળુઓને શુક્રવારે યાત્રા કર્યા બાદ પાછા ફરવા માટે કોઈ સીધી ટ્રેન નથી. તેમણે કાં તો છેક બીજા અઠવાડિયે છૂટનારી ટ્રેનની રાહ જોતાં એક અઠવાડિયું ત્યાં રહેવું પડે અથવા તો પછી પાલિતાણાથી વાયા-વાયા આવવું પડે એટલે અમારી એવી માગણી છે કે અત્યારે મુંબઈથી પાલિતાણા માટે ગુરૂવારને બદલે બુધવારે છૂટે છે એને ગુરૂવારે કરી નાખવી જોઈએ, જેથી યાત્રાળુ યાત્રા કરીને તરત મુંબઈ પાછો ફરી શકે.'

વીકલી ટ્રેનની ફ્રીકવન્સી વધારવાની માગણી પણ રેલવે-મિનિસ્ટરને કરવામાં આવી હોવાનું જણાવતાં રમેશ મોરબિયાએ કહ્યું હતું કે 'અત્યારે અઠવાડિયામાં એક વાર આ ટ્રેન છોડવામાં આવશે એના બદલે મુંબઈથી અઠવાડિયામાં ત્રણ વાર અને પાલિતાણાથી અઠવાડિયામાં ત્રણ વાર આ ટ્રેન છોડવી જોઈએ અને આ માગણી વિશે રેલવે-મિનિસ્ટર સુરેશ પ્રભુએ બનતું કરવાની ખાતરી આપી છે.'


**શ્રી લાપસીચા બંધુ મંડળ - હાલાર દ્વારા આયોજીત**

**લાપસીચા પરિવારની ૨૧મી પહેડી તથા સ્નેહમિલન પ્રસંગે હાર્દિક આમંત્રણ**

**સર્વે ભાવિકો અને લાપસિયા પરિવારની નિયાણી બહેનોને તથા આમંત્રીત મહેમાનોને સહકુટુંબ પધારવા તથા પ્રેમથી માતાજીના દર્શન, વંદન, પ્રસાદનો લાભ લેવા ભાવભર્યું આમંત્રણ છે.**

**કાર્યક્રમ**

**માતાજીનું સામૈયું માતાજીને પોંખવાનું માતાજીની મંચ પર સ્થાપના ભક્તિ આરાધના નૈવેદ્ય અને માતાજીની આરતી રાસ–ગરબા**




**પહેડીના લાભાર્થી પરિવાર**

**માતુશ્રી જયાબેન નરશી ભાણજી લાપશિયા પરિવાર –દલતુંગી**

**આરઝું :**

**લાપશીચા બંધુ મંડળ દ્વારા આયોજીત લાપસિયા પરિવારની ૨૧ મી પહેડીનો લાભ અમને મળ્યો છે તે બદલ સમસ્ત લાપસિયા પરિવાર ના અમે આભારી છીએ.**

**શુભ દિવસ**
**રવિવાર તા. ૪–૧–૨૦૧૫**
**સમય : સવારે ૮ થી ૪ વાગે સુધી**

**શુભ સ્થળ**
**જૈનમ બેંકવેટ હોલ, ગ્રાઉંડ ફ્લોર,**
**એલ.બી.એસ માર્ગ, ભાંડુપ (વે), મુંબઈ–૭૮.**

શ્રી શાંતિનાથાય નમો નમ

## સાંધવ ગામનું સ્નેહ મિલન

સાંધવ ગામનું સ્નેહ મિલન તા. ૧૯.૧૦.૧૪ રવિવારના બપોરના ૩ કલાકે બેંકવેટ હોલ ભાડુંપ મધ્યે રાખવામાં આવેલ. સાંધવવાસીઓ મુંબઈ તેમજ બહારગામથી તેમજ નિયાણી બહેનો સારી સંખ્યામાં ઉપસ્થિત રહેયા હતા. મનોજ કારાણી એન્ડ પાર્ટીએ નવકાર મહામંત્રથી શરૂઆત કરેલ. પ. પૂ. સાધ્વીશ્રીજી મ.સા.એ માંગલિક ફરમાવેલ, દિપપ્રગટય, શામજી નરશી દંડ, પ્રકાશ લોડાયા (આણંદ), રાયચંદભાઈ દંડ, ઉમેશભાઈ દંડ ટ્રસ્ટીગણ સર્વે હાજર રહયા હતા.

સ્વાગીત નાના બાળકો નેવીલ પટેલ, સ્મિત પટેલ, વત્સલ પટેલ, મોક્ષિત પટેલ કરેલ.

સાંધવવાસીઓ, નિયાણી બહેનો પ્રિયા પટેલ, શિલ્પા દંડ, હેતલ પટેલ, કાજલ લોડાયા, મીનલ પીઠડીયા, તેજલ ખોના, યોગીતા મોતા, એકતા પરેશ દંડ એ દિવળા નૃત્ય કરેલ.

મોર બની થનઘાટ કરે : હેલી નિલેશ લોડાયા (મસ્જિદ બંદર)

મેરી પાઠ શાળા ગીત ઉપર નૃત્ય પરમ દંડ, ખુશી તિલેશ દંડએ રજુ કરેલ.

ફેન્સી ડ્રેસમાં કમળમાં લક્ષ્મી માતાજી બનેલ પ્રિયાન્શી જયેશ લોડાયા.

માની મમતા નાટક પાત્રો હતાઃ કસ્તુરીબાઈ લોડાયા, મિનલ પીઠડીયા, કાજલ દંડ, તેજેશ ખોના.

તેજલ ખોના પ્રિયા પટેલ, શિલ્પા દંડ, દિપાલી ચેતન લોડાયા, મિનલ પીઠડીયા હેલી લોડાયા રજુઆત એ ચાતુર્માસના દાતા પરિવાર દમયંતીબેન ચાંપશી લોડાયા આદિએ કચ્છી કસબ ફેન્સી શોભા ભજવેલ.

સેલો ડાન્સ : એકતા પરેશ દંડ એ કરેલ,

મંચ ઉપર પ્રમુખ સ્થાન મુલજી માણેકજી લોડાયા લોખંડવળા તેમજ ચાર્તુમાસના દાતા પરિવાર શ્રીમતી દમયંતીબેન ચાંપશી લોડાયા (લોખંડવાળા) શ્રીમતી કલ્પનાબેન શામજી દંડ. સાંધવ મહાજનના પ્રમુખશ્રી શામજી નરશી દંડ એ શોભાવેલ.

સરસ્વતી સન્માનમાં કે જી થી માસ્ટર ડીગ્રી સુધીના ૩૦ જણાનું સન્માન કરવામાં આવેલ.

સાંધવ ગામમાંથી પહેલીવાર કૃષી ક્ષેત્રમાં કારકિર્દી ઘડનાર પ્રથમ દિકરી શિલ્પા પ્રકાશ કુંવરજી લોડાયા (આણંદ)નું પણ વિશિષ્ટ બહુમાન કરવામાં આવેલ.

તપસ્વીઓની અનુમોદના કરવામાં આવેલ. જેમણે સાંધવ ગામે દોઢ મહિના તપસ્યા કરેલ તેમનું પણ બહુમાન કરવામાં આવેલ. ચાલુ સાલે ચાતુર્માસ કરાવનાર દાતાશ્રી તેમજ સાધર્મિક ભક્તિના લાભ લેનાર શ્રીમતી દમંયતીબેન ચાંપશી માણેકજી લોડાયા (લોખંડવાલા પરિવાર ઘાટકોપર), માતુશ્રી લક્ષ્મીબાઈ નરશી દંડ પરિવાર હ. શામજીભાઈ મુલુંડ વાળા બને પરિવારનું બહુમાન કરવામાં આવેલ. ટ્રેનમાં પર્વ દરમિયાન સ્ટેશન ઉપર ચા-નાસ્તાના લાભ લેનાર માતુશ્રી દમંયતીબેન હંસરાજ દંડ મુલુંડ અને ટ્રેનમાં ચૌવિહારનો લાભ લેનાર માતુશ્રી વીરબાઈ રાઘવજી લોડાયા હસ્તે ભવાનજીભાઈ - મુલુંડ, તેમજ ભુજથી સાંધવ સુધી સંપુર્ણ પંચતિર્થી કરવાનો લાભ લેનાર માતુશ્રી મણીબાઈ કુંવરજી મોતા પરિવાર (ડોબિંવલી) તેમજ સાંધવથી ભુજ પંચતિર્થી કરવાનો સંપુર્ણ લાભ લેનાર શ્રી ઠાકરશી લાલજી પટેલ (મુલુંડ) આદિ દાતાશ્રી પરિવારનું બહુમાન કરવામાં આવેલ.

**સાંધવગામે ધર્મશાળા :** ત્રણ રૂમ કમ્પાઉન્ડ સાથે છે તે મહાજનશ્રીને શેઠશ્રી પદમશી જેઠાભાઈ લોડાયા (લોખંડવાળા) સાંધવવાળા બંધાવીને સં - ૨૦૧૩ ના અર્પણ કરેલ છે. તે જમીનની માલિકી શેઠશ્રી કાનજી ભારા દંડની હતી. હાલમાં ૫૭ વર્ષ પછી. એ રૂમોનું નૂતની કરણ કરી નવનિર્માણનો લાભ શેઠશ્રી પદમશી જેઠાભાઈ લોડાયા હસ્તે - શેઠશ્રી ચાંપશી માણેકજી લોડાયા - લોખંડવાળા પરિવાર ઘાટકોપર વાળાએ લીધેલ છે. દાતાશ્રીઓની અનુમોદના કરવામાં આવેલ.

શ્રી શાંતિનાથાય નમો નમ

## સાંધવ ગામે ચાતુર્માસની પુર્ણાહૂતિ

સાંધવ ગામે ચાતુર્માસમાં પ. પૂ. સાધ્વીશ્રીજી લક્ષગુણાશ્રીજી અને પાર્થ ગુણાશ્રીજી મ.સા.ની. શુભનિશ્રામાં નવપદ આંયબિલની ઓળી ઉજવાઈ. ૧૭ જણાએ નવદિવસ આંયબિલનો લાભ લીધેલ. ઓળી દરમિયાન પૂ. મ. સા એ વિવિધ અનુષ્ઠાનો કરાવેલ.

ચાતુર્માસ દાતા પરિવાર તરફથી દરેકને રૂ. ૫૦૦/- ની પ્રભાવના કરવામાં આવેલ. પ.પૂ. સાધ્વીશ્રીજી લક્ષગુણાશ્રીજી મ.સા.ની ૭૯ ઓળી ચાલુ છે.

સિદ્ધચક્રની આરાધના કરવામાં આવેલ. શ્રીપાલ રાજાનો રાસ વાંચવામાં આવેલ.

દિવાળી પર્વમાં છઠ તપની આરાધના કરાવવામાં આવેલ. ૯ જણાએ છઠ તપની આરાધના કરેલ. ૯ જણાએ આયંબિલ કરેલ. ચાતુર્માસ દાતા પરિવાર તરફથી રૂ. ૨૦૦ની પ્રભાવના કરવામાં આવેલ.

દિવાળીના દિવસે જલમંદિરની રંગોળી બનાવી તેનાપર ૭૨ દિવા મુકવામાં આવ્યા હતા. મહાવીરસ્વામીનું ૭૨ વર્ષ આયુષ્ય હોવાથી ૭૨ દીવા પ્રગટવ્યા હતા. રાતના ત્રણવખત જાપ, દેવવંદન કરવામાં આવેલ.

એકમના દિવસે સવારના રંગમંડપ ખોલવાનો લાભ દામજી નરશી દંડ પરિવારે (ભાંડુપ), ગંભારો ખોલવાનો લાભ રેવંતીબેન મણીલાલ ખોના (સુથરી), પક્ષાલપુજાઃ ધનવંતી રતીલાલ નાગડા (પરજાઉ), ચંદનપુજા : માતુશ્રી ગોરબાઈ કુંવરજી લોડાયા (સાંધવ), ગૌતમસ્વામી વાક્ષેક પુજાનો લાભઃ લીલબાઈ માણેકજી દંડ (સાંધવ), શાંતિકળશ તેમજ આરતીનો લાભ શ્રી કરમશી નરશી દંડ (સાંધવ), મંગળદીવો, લીલભાઈ કુંવરજી નાગડા (સૈંધવા), આદિએ ઉપરોક્ત લાભો લીધેલ. સવારના માંગલિક સાથે રાસ ભક્તામર, ગૌતમ સ્વામીના જાપ બપોરના સામાઈક-જાપ કરવામાં આવેલ પ્રભુજીની આંગી : વૈશાલી દીલીપ લોડાયા, ડોલર દીલીપ લોડાયાએ અંગરચના કરેલ.

**અનુસંધાન ૧૬માં પાને**

**સાંધવ ગામનું સ્નેહ મિલન** ૧૪માં પાનાથી

સાંધવ મહાજનવાડી સંકુલમાં જનરલ લેડીશ / જેન્ટસ માટે નવા શૌચાલય તેમજ બાથરૂમ મહાજનશ્રી તરફથી બનાવવામાં આવેલ. પ્રમુખશ્રી શામજીભાઈ દંડ એ કિ ધેલકે પ્રવિણ મોતા એ હાલના મહાજનના ટ્રસ્ટી દિવસ અને રાત મહેનત કરીને મહાજનશ્રી ના દરેક કાર્યને સફળ કરેલ છે. તેમની અનુમોદના કરેલ.

સાંધવગામના હાલમાં જે પ્રવૃતિઓ ચાલી રહી છે તે પ્રમુખશ્રી મુલજી માણેકજી લોડાયા એ કાર્યક્રમનીઓ કાર્યકર્તા તેમજ ટ્રસ્ટીગણને બીરદાવેલ. નિખિલ પટેલ કોમીપુટર ઉપર સાંધવ ગામની પ્રેજેન્ટટેશન (ઈતિહાસ) વીડીયો ક્લીપ બનાવેલ.

**સ્નેહ મિલન દાતાશ્રીઓ રૂા. ૨૧૦૦૦** શેઠશ્રી ચાંપશી માણેકજી લોડાયા (ઘાટકોપર), શેઠશ્રી શામજી નરશી દંડ (મુલુંડ)

**રૂા. ૫૦૦૦/-, ના દાતાશ્રીઓ**, શ્રી લાલજી શામજી પટેલ - મુલુંડ, શ્રી ભવાનજી રાઘવજી લોડાયા (મુલુંડ), પ્રકાશ માણેકજી લોડાયા (થાણા), માતુશ્રી ખેતબાઈ સોમચંદ માલશી લોડાયા (ડોંબિવલી), શ્રી પ્રફુલ માણેકજી લોડાયા મુલુંડ માણેકજી મેઘજી લોડાયા (બાબુકાકા) મુલુંડ, માતુશ્રી નિર્મલાબેન નવિનચંદ્ર લોડાયા (મુલુંડ), માતુશ્રી દમયંતીબેન હંસરાજ દંડ (મુલુંડ), માતુશ્રી વિમલાબાઈ ખીમજી દંડ (વાપી), શ્રી રસીકભાઈ દેવરાજ લોડાયા (મુલુંડ), શ્રી ઠાકરશી લાલજી પટેલ (મુલુંડ), શ્રી ભવાનજી નરશી દંડ (મુલુંડ), શ્રી રાયચંદ નરશી દંડ (મુલુંડ), માતુશ્રી મણીબાઈ કુવરજી મોતા (ડોંબિવલી), મેઘજી કુંવરજી ખોના પરિવાર (ડોંબિવલી), સોમચંદ વિસનજી દંડ પરિવાર (કાંજુરમાર્ગ), એક સદગૃહસ્થ આદિ એ સ્નેહ મિલનમાં લાભ લિધો.

સંપુર્ણ પ્રોગ્રામનું સંચાલન શ્રીમતી સ્મિતા સંદિપ લોડાયા સાંધવ - મુલુંડ વાળાએ કરેલ.

**લિ. વીરચંદ મેઘજી ખોના (ડોંબિવલી)**

ચાતુર્માસ દાતા પરિવાર તરફથી દરેક આરાધકની તા. ૧.૧૧.૨૦૧૪ ના અનુમોદના કરવામાં આવેલ. ચાર મહિના દરરોજ રાઈ પ્રતિક્રમણ ઉપાશ્રયમાં કરનારને રૂા. ૨૫૦/નું કવર તેમજ સાડી આપવામાં આવેલ.

ચાતુર્માસને સફળ બનાવવા વિશેષ જહેમત લેનારા પૂજારી પંકજ ડાઘા, દિલીપ કુંવરજી લોડાયા, રાજેશ પટેલ, રઘૂભા જાડેજા, ડોલર લોડાયા, વૈશાલી લોડાયા, ઈસા હિંગોરાનું વિશેષ બહુમાન કરવામાં આવેલ.

ચાતુર્માસ દરમિયાન આરાધક બહેનોએ તપ, જપ અને તપસ્યાઓ કરીને ચાતુર્માસને ચાર ચાંદ લગાવેલ. પર્યુર્ષણ પછી રોજ વ્યાખ્યાન તેમજ, જાપ દરમિયાન, રૂા. ૧૦ ની પ્રભાવના ચાતુર્માસ દાતા પરિવાર તરફથી કરવામાં આવેલ. તા. ૭.૧૨.૧૪ ના વદ એકમના દિવસે સવારે પૂ.મ.સા. દ્વારા ઠાણા ઉઠાણા કરવામાં આવેલ. શામજી નરશી દંડ, મુકેશ દંડ (વાપી), ખુશાલ પટેલ, સર્વજણ હાજર રહેલ.

રસોડા ખાતે કલ્પના શાંતિલાલ લોડાયા અને રસિલાબેન રસિકલાલ ખોનાએ ચાતુર્માસ દરમિયાન ભાવતાં - ભોજન પિરસાવેલ તેથી તેમની પણ અનુમોદના કરવામાં આવેલ.

પર્યુષણ પછી ચૈત્યપરિપાટી રૂપે, ભુજ, કોઠારા, વાપી, માપર, તેરા, ભદ્રેશ્વર રાયધણજર, સાભરાઈ, નલિયા, ગોધરા, જખૌ, મસ્જિદબંદર, વરાડીયા, નરેડી, ભાયંદર, માંડવી, સુથરી, કોટડી, વાકું, સાંયરા, મુલુંડ મહિલા મંડળ, ડુમરા, અમદાવાદ, બોરસદ, લાયજા, બિદડા વગેરે સંઘો તિર્થના તેમજ પ.પૂ.મ.સા.ના દર્શન કરવા પધારેલ.

કાર્તિક પૂનમના દિવસો ભાવયાત્રા રાખવામાં આવેલ. દાતા પરિવાર તરફથી સેવ બુંદીની પ્રભાવના કરવામાં આવેલ.

ચાતુર્માસ દાતા પારિવાર તરફથી આરાધકોને ચૈત્ય પરિપાટી રૂપે નરેડી, ગઢશીશા, શેરડી, બિદડા, બઉંતેર જિનાલય, રાયણ, કોડાય, નાગલપુર, શિવમસ્તુ, ગોધરા, દેઢીયા, ડુમરા, વરાડીયા, સાંધાણ, સુથરી, આરીખાણા, રાપરગઢવારી, મોટી સિંધોડી, કોઠારા, વાંકુ, લાલા, પરજાઉ, વારાપધર, જખૌ જસાપર, નલિયા, તેરા, બાંઢીયા, સુજાપુર સર્વે તિર્થોના દર્શન કરાવેલ.

ચાતુર્માસ દરમિયાન શ્રી નારાણજી દેવશી નાગડા, ખુશાલ લાલજી પટેલ. સાંધવના ધનબાઈ લોડાયા (વડોદરા), વિમલાબાઈ દંડ (વાપી), નવલબાઈ દંડ (મુલુંડ), મુક્તાબાઈ દંડ (ભાંડુપ), જ્યોત્સનાબાઈ દંડ (ભાંડુપ), દમયંતીબાઈ દંડ (ગોરેગામ), વિમલાબાઈ પટેલ (મુલુંડ), કલ્પના લોડાયા (વાપી), લિલબાઈ દંડ (ડોંબિવલી), સાકરબાઈ ગાલા (કાડંગરા), દમયંતીબેન ધ્રોળ (કાંજુરમાર્ગ), મણીબાઈ ધરમશી (મુલુંડ), ધનબાઈ નાગડા (વાપી), લીલબાઈ નાગડા (સૈંધવા), પ્રેમીલાબાઈ નાગડા (ઘાટકોપર), ધનબાઈ દંડ (મુલુંડ), રેવતીબાઈ ખોના (મુલુંડ), ગંગાબાઈ ખોના (ડોંબિવલી), લતાબાઈ મોમાયા (ભુજ), કમળાબાઈ ધરમશી (વિરાર), પુષ્પાબાઈ નાગડા (નલીયા), પુરબાઈ દંડ, વનીતાબેન ગાલા (ભાટાપારા - બિદડા), રસીલાબેન ખોના (લોનાવલા), મણીબાઈ પીર (અંજાર), લક્ષ્મીચંદ લોડાયા (ડોંબિવલી), આદિએ સાંધવ રહીને આરાધના કરેલ.

શ્રી કચ્છી દશા ઓસવાલ સાંધવ મહાજને આરાધકો તેમજ દાતા પરિવારની સર્વેની અનુમોદના કરેલ. ચાતુર્માસના દાતાશ્રી શ્રીમતી દમયંતીબેન ચાંપશી લોડાયા લૌખંડવાળા (ઘાટકોપર) અને માતુશ્રી લક્ષ્મીબાઈ નરશી દંડ હસ્તે શેઠશ્રી શામજીભાઈ દંડ, મુલુંડ વાળાએ લાભ લીધેલ.

હાલમાં સાંધવગામે દર્શન કરવા માતાજીના / કુળદેવતાના જુહાર કરવા ગામવાસીઓ તેમજ બહારથી સારી સંખ્યામાં યાત્રિકો આવી રહ્યા છે. હાલમાં રસોડાની અતિથિ ગૃહમાં એસી રૂમની પણ વ્યવસ્થા છે આગળથી ફોન પર જાણ કરવા વિનંતી.

પુજારી - પ્રિતેશ ડાઘા : 09925320815, કલ્પનાબોન લોડાયા : 0815492225, પ્રવિણ મોતા : 09821330914

**લિ. વિરચંદ મેઘજી ખોના (ડોંબિવલી)**

## કચ્છ રણોત્સવ અને કચ્છીઓ

કચ્છના સફેદ રણમાં વિવિધતાથી છલકાતો રણોત્સવ ફરી એક વાર શરૂ થયો છે. નવ વર્ષથી યોજાતો આ પ્રવાસન ઉત્સવ કચ્છની ઓળખ તો બન્યો છે અને સરકારને એને લીધે સારીએવી આવક પણ થઈ રહી છે, પરંતુ એક સૂર એવોય છે કે કચ્છના સ્થાનિક લોકો, કલાકારોને જે ફળ મળવાં જોઈએ એ મળ્યાં નથી. આવું કેમ? ચિત્રલેખા વતી સુનિલ માંકડે કરેલી છણાવટ જાણવા - વિચારવા જેવી છે!

ગુજરાત કે દેશના વિવિધ ભાગમાંથી અને વિદેશથી દરરોજ સેંકડો પ્રવાસીઓ કચ્છના છેવાડે આવેલું કુદરતની અજાયબી સમું સફેદ રણ જોવા ઊમટી રહ્યા છે, રણોત્સવની મજા માણે છે અને જ્યારે એ પરત આવે ત્યારે એમની આંખો અને ચહેરો પર સ્પષ્ટ રીતે વાંચી શકાય છે કે કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા!

નવ વર્ષથી શરૂ થયેલો આ પ્રવાસમેળો હવે તો ગુજરાતની આગવી ઓળખમાં સ્થાન ધરાવતો થઈ ગયો છે. વેરાનમાં પણ વિવિધતા અને વિશેષતા હોય એવું આ રણોત્સવથી પ્રસ્થાપિત થઈ ગયું એથી પ્રવાસનના માધ્યમથી રાજ્યની આવક તો વધી, પરંતુ આ રણોત્સવનો લાભ કચ્છીઓને જે રીતે મળવો જોઈએ એ રીતે મળ્યો નથી એવી લાગણી સ્થાનિક વેપારીઓ અને ખાસ કરીને કલાકારોમાં દેખાઈ રહી છે. એ ખરું કે રણોત્સવને લીધે દેશના પ્રવાસનના નકશા પર કચ્છનું નામ વધુ ઊપસી આવ્યું છે.

ધોરડોમાં ૯૫ દિવસ ચાલનારો રણોત્સવ ૧ ડિસેમ્બરે જ શરૂ થઈ ગયો હતો અને ૬ ડિસેમ્બરે મુખ્ય મંત્રી આનંદીબહેન પટેલે એનું વિધિવત્ ઉદ્‌ઘાટન પણ કર્યું.

કચ્છનું આ રણ તો સહરાના રણ કે દુબઈના રણના ઢૂવા કરતાં સાવ અલગ છે. અહીં રેતી નથી, પરંતુ ત્રણ - ચાર મહિના ભરતીને લીધે દરિયાનાં પાણી ફરી વળ્યાં પછી સુકાઈ ગયેલું મીઠું હોય છે. કિલોમીટરો સુધી એ સફેદ ચાદર પથરાઈ જાય અને કુદરતના અનેક રંગ એ સફેદ રણ પર જોવા મળે. સવારે આછો ભૂરો અને કેસરી રંગ, બપોરે તડકામાં આંખ અંજાઈ જાય એવી સફેદ આભા અને સૂર્યાસ્ત વખતે ક્ષિતિજ ભગવા રંગે રંગાઈ જાય અને એ આખા સફેદ પટમાં કેસરી રંગની મોટી ચાદર જાણે બિછાવી હોય કે ગુલમોહરનાં હજારો ફૂલ પાથરી દીધાં હોય એવું લાગે. સૂરજ જાણે એ રણમાં સમાધિ લેતો હોય એવી રીતે અસ્તાચળ તરફ સરકવા માંડે ત્યારનું દૃશ્ય આ રણોત્સવનું સૌથી મોટું આકર્ષણ, પરંતુ એ ઉપરાંત પણ ત્રણ મહિના અહીં જલસો જ જલસો છે.

રણોત્સવનો પ્રાઈવેટ કૉન્ટ્રાક્ટ જેમની પાસે છે એ લાલજી ઍન્ડ સન્સના અજય અગ્રવાલ કહે છે કે ૫૦૦ એકરમાં ૩૫૦ તંબુઓનું ટેન્ટ સિટી ઊભું કર્યું છે. આ વર્ષે નોન - એસી, ડિલક્સ અને પ્રીમીયમ એમ ત્રણ કેટેગરીમાં તંબુ વિભાજિત છે. ભૂજથી અહીં પહોચવા એસી બસની સુવિધા છે. રણોત્સવમાં પ્રવાસીઓને પેરાસેઈલિંગ, ઊંટગાડી, છકડાની સવારી અને બાઈકિંગ કરાવવામાં આવે છે - આવશે.

છેલ્લાં ચાર વર્ષથી તો રણોત્સવ માટે પ્રવેશ ફી પણ લેવામાં આવે છે. તેમ છતાં પ્રવાસીઓની સંખ્યામાં ૩૪૪ ટકાનો ઉછાળો આવ્યો છે. અત્યાર સુધીમાં સરકારને પ્રવેશ અને પાર્કિંગ ફીની જ આવક રૂપિયા બે કરોડ પચાસ લાખની થઈ છે.

રણોત્સવને લીધે નાના ધંધાર્થીઓને પણ ઘણો ફાયદો થયો છે. ભૂજથી ધોરડો જતા રસ્તામાં આવતા ભીરંડિયારાનો મીઠો માવો પ્રખ્યાત તો છે. માવાના વેપારી ઈબ્રાહિમભાઈ કહે છે કે સામાન્ય દિવસોમાં દરરોજ ૨૦૦ કિલો માવો વેચાય, પરંતુ રણોત્સવના દિવસો દરમિયાન દરરોજ ૬૦૦ કિલો

શુભેચ્છાઓ સહ...
સાંધવ રત્ન
શ્રી મુલજી રાઘવજી લોડાયા
MRL Group of Companies

શુભેચ્છાસહ Laxmichand Dharshi Mota
MOTA SHIPPING AGENCY
C.H.A.No. 11-0404
રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની
સંપર્ક : 08879677709

માવો અમે વેચીએ છીએ. અંદાજ છે કે રણોત્સવ દરમિયાન ફક્ત માવાનો જ વેપાર રૂપિયા ૫૦ લાખનો થતો હશે. બીજા વેપારી પણ ખુશ છે.

ભૂજમાં હેન્ડિક્રાફ્ટનો વ્યવસાય કરતા આનંદ ઠક્કર કહે છે કે એમ સમજો કે એમ આખા વર્ષનો વેપાર રણોત્સવ દરમિયાન જ કરી લઈએ છીએ. છકડો રિક્ષાથી માંડી, ટેક્સી કે અન્ય પ્રાઈવેટ વાહનોવાળા પણ વ્યસ્ત છે અને એમાંય આ ત્રણ મહિના દરમિયાન આવતા શનિ - રવિ અને જાહેર રજાઓમાં તો પ્રવાસીઓનાં ધાડાં ઊતરશે.

અહીં હેન્ડિક્રાફ્ટના ૧૦૦ સ્ટોલ છે, જેમાંથી ૨૦ સ્ટોલમાં કારીગરો એ પ્રવાસીઓની મુલાકાત દરમિયાન જ પોતાની કળા રજૂ કરશે.

ધોરડો ખાતે બનાવવામાં આવેલા ટેન્ટ સિટીમાં પ્રથમ વાર કચ્છની ગ્રામીણ સંસ્કૃતિની ઝાંખી તૈયાર કરવામાં આવી છે. રણોત્સવની જાહેરાતમાં અમિતાભ બચ્ચન શણગારેલા છકડામાં બેસે છે એવા છકડા પણ અહીં છે. જુદા જુદા ટાવર, ગાડાંની પણ પ્રતિકૃતિઓ છે. પ્રથમ દિવસથી જ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાય છે, પરંતુ કચ્છ સંગીત અને સંસ્કૃતિ પણ બહારના કલાકારો રજૂ કરતા હોવાથી સ્થાનિક કલાકારોમાં થોડા કચવાટ છે.

પીઢ કલાકાર કીર્તિભાઈ હાથી ચિત્રલેખાને કહે છે કે કચ્છનાં ઈસ્માઈલ મીર કે અમીનાબાઈ મીર જેવાં કલાકારોને સ્થાન આપવામાં આવે તો રણોત્સવ દીપી ઊઠે. આ કલાકારો પણ કહે છે કે અમે કલેક્ટર ઓફિસનાં ચક્કર કાપીકાપીને થાકી ગયાં, પરંતુ સ્થાનિક ગણ્યાગાંઠ્યા કલાકારો જ અહીં પોતાની કળા પીરસી શક્યા છે.

આ વર્ષે રણોત્સવમાં ધોળાવીરા, કાળો ડુંગર, માંડવી બીચ અને નારાયણ સરોવર ખાતે સખીમંડળની બહેનોએ બનાવેલું ભોજન પ્રવાસીઓને આપવામાં આવી રહ્યું છે. ભૂજની હોટેલ્સમાં તો પ્રવાસીઓ રહે જ છે, પરંતુ હોડકો ખાતે યુનાઈટેડ નેશન્સનાં ભંડોળથી બનેલા રિસોર્ટ શામ - એ - સરહદ અને ધોરડો આસપાસ શરૂ થયેલી પ્રાઈવેટ સગવડમાં લોકોને ગાવઠી વાતાવરણનો પણ લહાવો મળી રહ્યો છે.

રણોત્સવથી સરકારને આવક થઈ છે, પરંતુ કચ્છીઓને ખાસ લાભ નથી. ટેન્ટ સિટીનો કોન્ટ્રાક્ટ બે વર્ષથી લાલજી એન્ડ સન્સની પાસે છે. ભુંગા કે ટેન્ટના શણગાર માટે આ કંપની પાસે પોતાના માણસો છે, જેથી સ્થાનિક કારીગરોની સેવાની એમને જરૂર નથી. છૂટક મજૂરી, લીંપણ જેવાં કામોથી ૩૦૦ જેટલા લોકોને રોજગારી મળે છે. ગયા વર્ષે કચ્છી ગાઈડની સંખ્યા ૧૨ જેટલી હતી. આ વખતે ફક્ત ત્રણ કચ્છી ગાઈડની સેવા લેવામાં આવશે.

આ રણોત્સવમાં પ્રવાસન નિગમની સ્થાનિક કચેરી સંપુર્ણ નિષ્ક્રિય છે. પ્રવાસીઓ તો ઠીક, માધ્યમોને પણ કોઈ સત્તાવાર માહિતી આપવામાં આવતી નથી.

*- (ચિત્રલેખામાંથી સાભાર)*

## જ્ઞાતિની રહેઠાણ સમસ્યા ઉકેલવા ઉત્સુક યુવાનોના ફ્રેંડ ફિલોસોફર ગાઈડ જેવા આગેવાન મુલચંદ ખોના



સ્વબળે બિલ્ડીંગ લાઈનમાં આગળ આવીને વિશેષ કારકિર્દી બનાવનારા શ્રી મુલચંદ લાલજી ખોનાએ સમાજનું ઋણ ચુકવવા અનેકવિધ રીતે સમાજસેવા કરી સમાજમાં વિશેષ સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

પોતાની વહીવટ શક્તિનો લાભ સમાજને આપવા શ્રી અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટી, શ્રી અરિહંત કો.ઓપ.બેંક લિ. ના વાઈસ ચેરમેન હોય ૧૦૦૦ પ્રોજેક્ટના અને શ્રી અનંતનિધિ આરોગ્યધામ દેવલાલીના પ્રારંભિક સમર્થક અગ્રણી તરીકે જાહેર જીવનમાં મહત્ત્વની ભૂમિકા ભજવી.

શ્રી.ક.દ.ઓ.વિદ્યાર્થી સંઘને તેની દરેક પ્રવૃત્તિમાં સમર્થન આપવા સદાય ઉત્સુક યુવાનો સ્વબળે ધંધાકીય કારકિર્દી બનાવે તે માટે તેમના ફ્રેંડ ફીલોસોફર ગાઈડ તરીકે સહયોગ આપવા સદાય તત્પર રહેતા.

બીલ્ડ વે ગ્રુપ ઓફ કંપની દ્વારા બાંધકામ ક્ષેત્રે ઉજવવા કારકિર્દી બનાવી કચ્છ શક્તિનો વ્યાપાર રત્ન એવોર્ડ પ્રાપ્ત કર્યો.

પોતાની વાત સૌ સાંભળે એવો રાખનારા સૌની વચ્ચે રહીને પણ સૌની વાત સાંભળી સહિયારી નિર્ણય લેવાય તે બાબતના આગ્રહી.

# ગૃહિણી હોવાનો ગર્વ અનુભવો




નારીનું સૌથી શ્રેષ્ઠ રૂપ એટલે ગૃહિણીનું સ્વરૂપ. પરિવારના સભ્યોની પ્રેમથી સંભાળ રાખતી ગૃહિણી પોતાનું સર્વસ્વ સમર્પીને ઘરને સ્વર્ગ બનાવે છે. આમ છતાં આજકાલ પુરૂષ સમોવડી થવાની હોડમાં કે કારકિર્દી ઘડવા તત્પર યુવતીઓ જેબ કે સ્વતંત્ર વ્યવસાય સાથે સંકળાયેલી જોવા મળે છે. આ કારણે જે હાઉસવાઇફ (ગૃહિણી) છે તેમને નાનપની અનુભૂતિ થાય છે.

વાસ્તવમાં ગૃહિણીએ લઘુતાગ્રંથિથી પીડાવાની કાઇ જરૂર નથી. હાલમાં દેશના અંતરિયાળ વિસ્તારના ગામડાની એક મહિલા સરપંચ લોકસભાની ચૂંટણીમાં ઊભી રહી તેને એક પત્રકારે સવાલ પૂછયો કે તમારી પાસે ઉચ્ચ શિક્ષણ કે રાજકારણનો અનુભવ નથી તો દેશ કઇ રીતે ચલાવશો? આનો જવાબ આપતાં તેમણે કહ્યું કે, 'હું જે રીતે ઘર ચલાવું છું તે જ રીતે દેશ ચાલવીશ.' કેટલો સચોટ અને સરળ જવાબ હતો. આમાં તેની તમામ કુશળતા આવી જતી હતી. જે કર ઝુલાવે પારણું તે જગત પર શાસન કરે એ કહેવત અનેક મહિલાઓએ ખરી કરી બતાવી છે.

ગૃહિણી પતિ અને બાળકોનું ભવિષ્ય ઘડવા સાથે બીજી અનેક મહત્વપૂર્ણ જવાબદારી પણ સંભાળે છે. તેના વગર ઘરની કલ્પના કરી શકાતી નથી. પત્ની થોડા દિવસ બહારગામ ગઇ હોય ત્યારે પતિ ઓશિયાળો બની જાય છે અને ઘરની જવાબદારી સંભાળવી કેટલી અઘરી છે તેની તેને જાણ થઇ જાય છે. હોમ મિનિસ્ટર, હોમમેકર કે ગૃહલક્ષ્મી જેવા નામથી નવાજતી ગૃહિણીની જોબ રિવોર્ડ વગરની હોય છે. ઑફિસ જોબમાં પ્રમોશન અને એપ્રિશિયેશનની આશા હોય છે, પરંતુ હાઉસવાઇફના કામને તો તેની જવાબદારી ગણીને તે પ્રત્યે ઉપેક્ષા રાખવામાં આવે છે.

ગૃહિણી દિવસ રાત સમયની મર્યાદા રાખ્યા વગર જ નિષ્ઠાપૂર્વક વર્ષાનુવર્ષ કામ કરતી જ રહે છે. પોતે બીમાર પડે તો પણ ચિંતા તો ઘરના અન્ય સભ્યોના ડિસ્ટર્બ થયેલા શિડ્યૂલની જ કરતી હોય છે. નોકરિયાત સ્ત્રીઓને સપ્તાહના એક દિવસ તથા વારે તહેવારે રજા મળે છે. જ્યારે હામ મેકરને તો રજાના દિવસે વધુ કામ હોય છે. તહેવારોમાં જાતજાત વાનગી બનાવીને પરિવારજનોને ખુશ કરવાના હોય છે. ઘરને સુવ્યવસ્થિત રાખવા માટે ઓવરટાઇમ કામ કરવાનું હોય છે. ઘરને ઘબકતું અને જીવંત રાખવાની જવાબદારી નિભાવતી સ્ત્રી કઇ રીતે સામાન્ય હોઇ શકે?

જોકે, શહેરમાં રહેતી ગૃહિણીની મોટા ભાગની સહિયર કે આડોશપાડોશની મહિલાઓ નોકરી કરતી હોય છે. આથી ગૃહિણીને એમ વિચાર આવવો સહજ છે કે હું પણ તેમના જેટલું જ ભણી છું અને છતાં માત્ર હાઉસવાઇફ છું. આ ભાવના મનમાં ઘર કરી જાય તો હૃદય સતત સોરવાતું રહે છે. અન્યો સાથે પોતાની તુલના કરવાની આદત પડે છે અને મનમાં પોતાના વિશે નકારાત્મક વિચાર આવે છે. પણ આવા વિચારોને જલ્દીથી દૂર કરવા જોઈએ.

વાસ્તવમાં ગૃહિણીનું કામ સરળ હોતું નથી. ઘરની બધી વ્યક્તિ ખાસ કરીને નાના બાળકનો ઉછેર કરવો, દરેકની ઇચ્છાઓ સંતોષવી, વ્યવહારિક જવાબદારી નિભાવવી, દરેક વ્યક્તિના સમયને સાચવીને કામ કરવું, ઘર સ્વચ્છ રાખવું જેવા અનેક કામ ગૃહિણી નિષ્ઠાથી કરતી હોય છે. હકીકત એ છે કે, ઑફિસમાં તો વર્ક ડિસ્ટ્રિબ્યુશન થઇ જાય છે, પરંતુ ઘરની જવાબદારી તો ગૃહિણી એકલે હાથે પાર પાડતી હોય છે. આથી તેનું કામ ઑફિસના કામ કરતા પણ એક ડગલું વધારે અને વિકટ હોય છે. ફરક માત્ર એટલો જ હોય છે કે, હાઉસવાફને તેના કામના બદલામાં આર્થિક રિવોર્ડ મળતો નથી.

આધુનિક યુગમાં હોમ મેકર બનવું કે ગૃહિણી બનવું તેનો નિર્ણય સ્ત્રીએ પોતે જ લેવાનો હોય છે. જોકે, ક્યારેક ઘરની પરિસ્થિતિ એવી થાય છે કે તેણે ફરજિયાત પોતાની કારકિર્દી છોડીને ઘરે બેસવું પડે છે. આવા સંજોગોમાં અન્ય વર્કિંગ વુમેન સાથે તુલના કરીને દુ:ખી થવા કરતા મેરિડ અને ફેમિલી લાઇફને એન્જોય કરવાની મળેલી

***અનુસંધાન ૨૫માં પાને***

## REMEBERING YUVA MILAN (TSUNAMI) - 2004

*TILAKCHAND LODAYA (Chennai)* **Email :ourbrotherhood@yahoo.co.in Mob.: 099406 36646**

26th Day of December, 2004. Though it dates back to a decade it is still green in the memories of all KDO Chennaites. It is etched in the memories of all the participants, the Chennaites and the organisers. In the last week of December, 2004 Chennai Mahajan had organised a YUVA MILAN at Chennai under the auspices of DBKDO JAIN EKKAM, which earlier was proposed to be held at Bengaluru. This was the most memorable event of my life wherein I had to take few toughest decisions.

Though in retrospect it looks very challenging, a dozen families of a small KDO JAIN MAHAJAN, Chennai, had organized this historic event at VGP Golden Beach Resort, Chennai. It could be rated as the best Venue for a Youth Meet spread over lush green 70 acres of land and right on the shores of the Bay of Bengal. About 400 young boys and girls participated in it from all over India under the supervision of about 30 elders. The events were organised on a huge stage constructed on the sea beach. Having learnt from the experience of earlier Yuva Milans, this time the entire pattern, contents and scheduling of the programmes and the events were changed.

The first day started well and was an all out success as was designed.

On the Second day early morning , i.e., 26-04-2004, we had the Art of living class on the beach. The Volunteers had a tough time to send the participants to their respective places after the pranayama exercises were over. The minutes later, Tsunami struck the east coast of India with all vengeance. It was unheard off and the word Tsunami was new to all of us. The damage and destruction of the properties, creatures and human beings was tremendous in various parts of Tamil Nadu and the City of Chennai. The sea side Pandaal fell like a pack of cards. The water reached our kitchen, which was located about 400 meters away from the beach. There was chaos. The sense of fear prevailed on every face. The staff of VGP Beach Resort had left the resort. We all were left alone. Naturally, there was a flood of phone calls from parents of the Children making enquiries about our whereabouts and asking us to wind up the show and send their children back. No authority was able to give any clear indication about the shape of things to come. Luckily the water had subsided and the rooms which were occupied by us were on an elevated plinth. Life in the city came to a halt.

We had a hurried meeting of the elders and few participants. It was a time to take hard decisions. In a motivational speech I highlighted that God has given us a golden opportunity to face an unparalleled adversity. No amount of lecturing except Tsunami will teach us courage, presence of mind, enterprise, team work and provide us an opportunity of converting disadvantage into an advantage of a life time experience. Nothing is going to happen that the God and we can't handle together.

After discussion of all the alternatives, it was decided to hang on and go as per the scheduled programmes. All of us had a breakfast and immediately took the pandaal to a new venue in the campus, which was about 800 metres away from the beach. Within hours, all the participants themselves erected the pandaal and chairs were shifted and the show went on as usual. Though difficult, we were able to convince all the parents about the safety of their children. Their directly talking to their children on mobiles helped us a lot. Even for a small mishap we would have been taken to task. Accountability and responsibility was tremendous. But God willing nothing happened and during the remaining four days when the life in the city was stand still, we had the best period of our life and all the participants enjoyed to the hilt. Visit to Mayajaal, and Satyabhama University were a big hit and everybody departed as per their reservations.

The Chennites, both ladies and gents, were totally involved. Being cost conscious only cooks were engaged and all the materials were purchased by the Mahajan. Total cost per day per participant worked out to just Rs. 85/-. This included morning tea, breakfast fore- noon tea, lunch, afternoon tea, dinner and night nastaa of the best quality and desired quantity.

About 30 boys and girls got engaged because of their contacts in the Yuva Milan. Total cost-wise also this was one of the cheapest and the best Yuva Milans. It was unique in every aspect and the fury of Tsunami made it most memorable for all. TUFAAN TOHFAA BANAA DIYAA GAYAA.

This was a life time experience for all including the families of Chennai who had left no stones unturned to make this event a success. It was a super duper success. We learnt that you gain strength, courage and confidence by every experience in which yous really stop to look fear in the face. You must do the things, which you think you cannot do. The key to change is to let go fear. Recently we utilised this experience at Chennai Mahajan while organising Youth Exchange Programme this year. About this I will write soon.

## આધ્યાત્મિક વિકાસ માટે પાયાની સમજ કેળવતું ઓશોનું પુસ્તક - ધ્યાન - ચરમ આનંદની કળા

**ધ્યાન : ચરમ આનંદની કળા** પ્રકાશક : ઉપનિષદ ચેરિટેબલ ટ્રસ્ટ, તથાતા, ૩૩/બી, નંદિગ્રામ સોસાયટી - ૨, સિંધવાઈ માતા રોડ, પ્રતાપનગર, વડોદરા - ૩૯૦૦૦૪ (ગુજરાત - ભારત), ટેલીફોન : ૯૧ - ૨૬૫- ૨૫૮૦૩૩૬ / ૨૬૩૮૨૬૯ ઈમેલ : info@upnishad.org, Website : www.upnishad.org, કિંમત રૂા. ૧૬૦.

આપણે સૌ જાણીએ છીએ કે જીવન - આધ્યાત્મમાં ઊંડા ઉતરેલા મહાવીર, બુદ્ધ, કૃષ્ણથી માંડીને ભક્ત કવિઓ સુધી સૌએ શું અનુભુતિ કરી અને તેમાંથી શું વ્યક્ત રીતે કહેવાયું તે વિશે ઓશો (આચાર્ય રજનીશે) અનેક પ્રવચનો આપેલા પણ તેઓ પોતે તેમાંથી શું તારવ્યું અને મૌલિક રૂપે શું કરવા ચાહ્યું એ વાત પર પ્રકાશ પાડતું આ પુસ્તક આધ્યાત્મિક ક્ષેત્રે આગળ વધવા ઈચ્છતા દરેકે વાંચવા જેવું છે.

આ પુસ્તક શા માટે છે તે વિશે તેના પ્રકાશક ઉપનિષદ ચેરીટેબલ ટ્રસ્ટના દક્ષા પટેલ કહે છે તેમ : પ્રસ્તુત પુસ્તક સંપૂર્ણ ઓશોનું પુસ્તક છે. સામાન્ય રીતે ઓશો કોઈ ધર્મ ઉપર કે ધાર્મિક વ્યક્તિ પર બોલે છે તેવું નથી, માત્ર ઓશોનું દર્શન છે. ધ્યાનનું વિજ્ઞાન છે, ધ્યાન કરનારનું મનોવિજ્ઞાનને ધ્યાનમાં રાખીને આવરેલી અનેક વિધિઓ છે.

સંન્યાસી કે સાધક ધાર્મિક નીતિઓ કે સમજ વિષે વાંચીને, જાણીને આનંદ અનુભવે છે પરંતુ તે ક્ષણિક હોય છે, મનનો હોય છે. અસ્તિત્વનો આનંદ મનની પાર હોય છે અને તે મેળવવા, પામવા કે તે મય થઈ જવા માટે વ્યક્તિએ મનની પાર કૂદકો મારવો જ પડે અને કૂદકો મારવો સરળ નથી કારણ મન ડગલેને પગલે અસ્તિત્વ અને તમારી વચ્ચે પડદો બનીને, અવરોધ બનીને ઊભેલું હોય છે. તમારા જ મનને, તમારા જ હાથે તમારે હટાવવાનું છે જેણે તમને ઓળખ આપી છે, તમારા જ હાથે તમારે હટાવવાનું છે અને એ મન છે જેણે તમને ઓળખ આપી છે, તમારા હોવાપણાનો અહંકાર આપ્યો છે. વર્ષોથી તમે તેની સાથે એટલી ગહેરાઈથી જોડાયેલા છો કે તેનો નાશ તમારો નાશ પ્રતીત થવાનો છે એટલે મનની પારનો કૂદકો હનુમાન કૂદકો છે. એ કૂદકો મારવા માટે ઓશોએ અનેક ધ્યાન પદ્ધતિઓ વિકસીત કરી છે. મનના મનોવિજ્ઞાનને સમજીને વિકસાવેલ છે. શરીરની શક્તિઓનો, કેન્દ્રોનો ઉપયોગ કરીને ચેતનાને ઉપર ઉઠવા માટેના માર્ગ ખોલેલા છે, જે અદ્દ્‌ભુત છે. ઓશોનું આ જગતને આ ધ્યાન પદ્ધતિઓ અનુઠું પ્રદાન છે.

તેની અનુક્રમણિકા પરથી પુસ્તકમાં શું છે તેનો ખ્યાલ આવે છે : યોગ : ચેતનાની વૃધ્ધિ, કર્મ દ્વારા અકર્મણ્યતા, અરાજક ધ્યાન મૌન ધ્યાન, જ્ઞાતમાં ઊંડે ઊતરવું, કુંડલિની : જીવનદાયી પરિબળાનું જાગરણ, પ્રબુધ્ધતા : અંતહીન આરંભ, ગુરૂની દીક્ષા : પરમ પદ્ધતિ, સન્યાસ : ભૂતકાળ પ્રત્યે મરવું, સંપુર્ણ ઈચ્છા : ઈચ્છારહિતતાનો માર્ગ, આત્મા શું છે?, એલએસડી અને ધ્યાન, સહજસ્કુરણા: ન સમજાવી શકયા તેવી, ચેતના, સાક્ષી હેવું અને જાગૃતિ, સતારી અને સમાધિ વચ્ચેનો તફાવત, જાતીય ઉર્જા અને કુંડલિનીનું જાગરણ, સાત શરીરોમાં પ્રાણની અભિવ્યક્તિઓ,

પરિશિષ્ટ : ૧ ઓશો દ્વારા પુનઃ સંધોધિત પરંપરાગત પધ્ધતિઓમાં અનાપાન - સતિયોગ, ત્રાટક મંત્રોચ્ચાર રટણ જાપ, માનસદર્શન પદ્ધતિ, જાગૃતપણે મરવું વિશે ટુકંમાં પણ વિશદ જાણકારી છે.

પરિશીષ્ટ ૨ ઓશોએ તૈયાર કરેલી પદ્ધતિઓ માં ઓશો સક્રિય ધ્યાન, ઓશો કુંડલીની ધ્યાન, ઓશો નટરાજ ધ્યાન, ઓશો નાદ બ્રહ્મ ધ્યાન, ઓશો દેવવાણી ધ્યાન, ઓશોનું ગૌરી શંકર ધ્યાન, ઓશો મંડલા ધ્યાન, શિવનેત્ર : ધ્યાનની ત્રીજી આંખ, ઓશો પ્રાર્થના ધ્યાન, મૌન એકાંતવાસનો ૨૧ દિવસનો પ્રયોગ, આયનામાં એકીટશે જોવું, સજાગપણે નિંદ્રામાં પ્રવેશવું, અસ્તિત્વ સાથેનો સવાંદ, ધૂમરી ધ્યાન, સંવા હાસ્ય, રૂદન, જીબ્બરીશ, ઓશો મિસ્ટીક રોઝ વગેરેની ટૂંકી પણ વિશદ જાણકારી છે.


**લગ્ન સંબંધી**

**કચ્છમાં ગાંધીધામ ખાતે રહેતા છેડા નુખના ૩૨ વર્ષના વેલસેટલ, બીકોમ ભણેલ ડીવોર્સી યુવક માટે યોગ્ય કન્યા જોઈએ છે.**

**સંપર્ક : 9374082695 / 9909524910**

પ્રકાશ સમીક્ષા **સમાચાર** સંકલન
સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## અબડાસાના તિર્થોનો છ'રી પાલક સંઘ

અગાસી અચલગચ્છ જૈન સંઘના નેજા હેઠળ યોજાયેલ અબડાસાના તિર્થોના છ'રી પાલક સંઘના સંઘપતિ શ્રી ગોવિંદજી લાલજી ગડા (ગઢશીશા) અને સંઘમાતા શ્રીમતી ગંગાબેન ગોવિંદજી ગડા (ગઢશીશા) હતા. આ સંઘે ગઢશીશાથી તા. ૯.૧૧.૧૪ ના રોજ પ્રયાણ કર્યું હતું. પ્રથમ માળ સુથરી તીર્થે તા૧૭.૧૧.૧૪ ના રોજ હતી. દ્વિતીય માળ દેઢીયા ગુણ પાર્શ્વતીર્થે તા. ૨૦.૧૧.૧૪ ના રોજ હતી. ટોટલ ૧૧ દિવસની યાત્રા હતી. આ સંઘના ૧૭૦ પદયાત્રિકોએ લાભ લીધેલ હતો. સંઘે નાની - મોટી પંચતીર્થી અબડાસાના ૨૧ જિનાલયના ભગવાનતે જુહારી ૨૧ - ૨૧ તીર્થના મુળનાયકને હેમના હાર ચડાવી જિનાલયોને થાળ અર્પણ કર્યા હતા.

સંઘે દરેક ગામના મહાજનો, ટ્રસ્ટીઓ અને પધાધિકાઓનું વિશેષ બહુમાન કર્યું હતું. સંઘે દરેક તીર્થના મહેતાજી, પૂજારી, ચોકીદાર તથા તમામ સ્ટાફ મેમ્બરોને ઉપહાર આપી બહુમાન કર્યું હતું. દરેક ગામે ગુરૂભગવંતો - સાધ્વી ભગંવતો, સંઘપતિ સંઘમાતા અને સકળ છ'રી પાલક સંઘનું ઉષ્માભર્યું સ્વાગત થયું હતું. સંઘપતિ પરિવારે દરેક તીર્થે સ્થાનિક સકળ સંઘને સાધર્મિક ભક્તિનું આમંત્રણ આપ્યું હતું. રોજ લગભગ ૧૭૦ પદયાત્રિક સાથે ૪૦૦ થી ૪૫૦ જણે સ્વામી ભક્તિનો લાભ આપ્યો હતો.

પોતાની કર્મભુમિ અગાશી પાછા ફરતા, શ્રી અગાશી અચલગચ્છ જૈન સંઘ શ્રી પુણ્ય ગુણ સામાયક મંડળ, શ્રી નવકાર ગ્રુપ (અગાસી - વિરાર) અને શ્રી વિરાર અચલગચ્છ જૈન સંઘે સંઘ અને સંઘપતિનું ઉમળકાભેર સ્વાગત કરીને એમનું વિશેષ રીતે અગાશી - જયેશ ભુવનમાં બહુમાન કર્યું હતું. બહુમાન સમારંભનું સંચાલન સંઘના ટ્રસ્ટી શ્રી મુલચંદ હંસરાજ મુનવર (જખૌ) અને શ્રી રાજેશ દામજી મૈશેરી (મોટી સીધોંડી) એ કર્યું હતું.

## અગાસી તિર્થે નવકાર જાપનો ૩૨મો મણકો

શ્રી અગાશી તીર્થે અચલગચ્છના જયેશ ભુવનમાં નવકાર જાપનો ૩૨ મણકો તા. ૦૬.૧૨.૨૦૧૪ શનિવારના રોજ સંપન્ન થયો હતો. એ દિવસે પૂર્ણિમા સહ અમૃતસિધ્ધ યોગ હોવાથી યુવા વિધિકાર શ્રી હર્ષ દેઢિયા (તલવાણા - ઘાટકોપર) એ શ્રી નવકાર જાપ સહ શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રની સાધના કરાવી હતી. ૨૦૦ ભાવિકોએ લાભ લીધેલ હતો. ત્યારબાદ સાધર્મિક ભક્તિ હતી. જેના દાતાઓ : બે સહગૃહસ્થ પરિવારો હતા.

સંપુર્ણ કાર્યક્રમનું સંચાલન શ્રી રાજેશ દામજી મૈશેરી, શ્રી મયુર દેઢિયા અને શ્રી મુલચંદ હંસરાજ મુનવરે કર્યું હતું. આગામી મણકો તા. ૧૦.૧.૧૫ શનિવારના રોજ છે.

## કુમઠા તીર્થે પોષ દસમ આરાધના

કુમઠા તીર્થે પ.પૂ. જયદર્શિતાશ્રીજી મ.સા. અને પ. પૂ. હિમાંશુશ્રીજી મ.સા.ની નિશ્રામાં પોષ દસમ આરાધના થઈ હતી.

સાધર્મિક ભક્તિનો લાભ પ્રજેશભાઈના જન્મ દિન નિમિત્તે માતુશ્રી ઈન્દુબાઈ વીરચંદ નારાણજી કાનજી પટેલ (નલીયા - હુબલી) પરિવારે, જિન ભક્તિ મહોત્સવનો લાભ માતુશ્રી લીલાવંતીબેન નારાણજી શામજી મોતા હ. યશપાલભાઈ (રાપર ગઢવારી - હુબલી), તીર્થયાત્રાનો લાભ માતુશ્રી

**જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત**
**શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)
**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**
Asia's First ISO 9001:2000 Certified Gin Press

રાણબાઈ હેરમરાજ કાનજી મોમાયા પરિવાર હ. શરદભાઈ (વરાડિયા - હુબલી) તેમજ તપસ્વી બહુમાનનો લાભ માતુશ્રી પ્રમિલાબેન દામજી દંડ પરિવાર હ. વિદ્વાન પ્રતીક દંડ, (મંજલ રેલડીયા અંધેરી મુંબઈ) એ લીધો હતો.

## શ્રી મહિલા હિતવર્ધક મંડળ હુબલી "સતી ચરિત્ર વિશેનાટિક"

શરદ પુર્ણીમાના દિવસે તા. ૧૧.૧૦.૧૪ શનિવારના માયફેર ઓડીટોરીયમ મધે સોળ સતીનું જીવન ચરિત્ર ઉપર એક સુંદર નાટિકા મંડળની બહેનો દ્વારા ભજવવામાં આવેલ હતી.

કાર્યક્રમની શરુઆત કમીટી મેંબર નવકાર મંત્રથી કરેલ હતી. પ્રમુખશ્રી સૌ. દિપીકા કમલેશ ખોનાએ સર્વેને શરદ પુનમની વધાઈ આપેલ.

જૈન ઈતિહાસમાં સર્વ પ્રસિદ્ધ, સર્વ પુજ્ય, સર્વ માન્ય અને સર્વ શુભ છે આ સોળ સતીઓ. આ સર્વે સતીઓ પ્રાપ્ત : સ્મરણીય છે, મંગલકારી છે. શીવસુ: સહાયક છે. એવી આ શૌર્યથી ભરપુર વીરાંગનાઓ, સુંદરતાથી સભર પુજ્ય સતીઓનો ઈતિહાસ સોળ સતીનું જીવન - ચરિત્ર નાટિકા દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ.

કાર્યક્રમનું સંપુર્ણ સંચાલન મંડળના સેક્રેટરી સૌ. ચેતના શરદ મોમાયા અને ખજાનચી સૌ. ડો મધુમાલા મણીકાંત લોડાયાએ કરેલ હતું.

મંડળ તરફથી નાટિકા ભજવનાર ૧૬ બહેનોને ભેટ આપવામા આવેલ હતી. સૌ. લલીતાબેન હીરાચંદ દંડ તરફથી મંડળને રૂ. ૩૦૦૦ ની ભેટ મળેલ હતી. મંડળ તરફથી તેમને મોમેન્ટો ભેટ આપીને તેમનો આભાર માનવામા આવેલ.

નાટિકા સર્વેએ ઉમંગપુર્વક માણી હતી. લગભગ ૮૦ જણની હાજરી હતી.

સૌ. દિપીકા કમલેશ ખોનાએ વરસમાં એકવાર આવનાર તહેવારોની હાઉસી રમાડેલ હતી.

નાટિકામાં ૧૬ સતીનું જીવન ચરિત્રના પાત્ર આ બહેનોએ જીવંત ર્ક્યા: બ્રાહ્મી - સૌ. પ્રીતિ બકુલ નાગડા, સુંદરી - સૌ. મહીમાં મોહીત દંડ, ચંદનબાલા - સૌ. પીકી ઉદય મૈશેરી, રાજીમતી - સૌ. રેશ્મા સિદ્ધાર્થ મૈશરી, દ્રૌપદી - સૌ. પ્રીતિ નીલેશ શાહ, કૌશલ્યા - સૌ. જીનીષા મયુર પટેલ, સુલસા - સૌ. ડીંપલ ઉદય કુરુવા, સીતા - સૌ. ખુશી ભાવેશ નાગડા, પ્રભાવતી - સૌ. પ્રીયા જીતેન મોમાયા, મૃગાવતી - સૌ. નીકીતા બીજોય મોમાયા, પદમાવતી - સૌ જીનલ ભાવીન પટેલ, શીવા - સૌ. જેસલ અમીત દંડ, સુભદ્રા - સૌ અંજના દિવ્યાંગ મોમાયા, કુંતી - સૌ. હેમલતા જયદીપ મોમાયા, શીલવતી - સૌ. ભક્તિ પરેશ પટેલ, દમયંતી - સૌ. આરતી જયેશ ખોના, પુણ્યચુલા - સૌ. સ્નેહા સચીન ગોગરી.


શુભેચ્છાસહ.....

**શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)**

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.


## શ્રી મહિલા હિતર્વધક મંડળ - હુબલી બાલ દિવસની ઉજવણી

શ્રી મહિલા હિતર્વક મંડળ દ્વારા "ચીલ્ડ્રન્સ ડે" ની ઉજવણી ૧૪.૧૧.૧૪ શનિવારના માયફેર ઓડીટોરીયમ મધે બાળકો તેમજ તેમની મમ્મીઓ સાથે ખુબજ હસીખુશી સાથે કરવામાં આવેલ હતી.

બાળકો દ્વારા નવકાર મંત્રથી શરુઆત કરવામાં આવેલ. પ્રમુખ સૌ. દિપીકા કમલેશ ખોનાએ સર્વે બાળકોને ચીલ્ડ્રન્સ ડે ની વધાઈ આપેલ.

આજનો પ્રોજેક્ટ હતો પર્યાવરણ બચાવો. પ્લાસ્ટિકની વસ્તુઓનો વપરાશ ન કરતા ઈકો ફ્રેન્ડલી વસ્તુઓનો ઉપયોગ કરવાનો સંદેશ આપવાનો હતો. પર્યાવરણ બચાવો વિશે ડો. મધુબાલા મણીકાંત લોડાયાએ ખુબજ રસપ્રદ જાણકારી આપેલ. પર્યાવરણને ધ્યાનમાં રાખવા બાળકો માટે ઈકો ફ્રેન્ડલી વસ્તુમાંથી મોડલ બનાવી લાવવાની હરીફાઈ રાખવામાં આવેલ.

મંડળના ઉપપ્રમુખ સૌ. હેતલ હીરેન છેડાએ બાળકો પોતાની દાદી અને નાની સાથે આઈસ્ક્રીમ સ્ટીકમાંથી મનપસંદ ક્રીયેટીવીટીના હરીફાઈ કરાવેલ હતી. તેમાં ૧૬


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

- સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
- રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ.

૧, રૂપલ અપાર્ટમેન્ટ, દાદા સાહેબ ફાલકે રોડ, અરોમા હોટેલની સામે, દાદર (ઈ), મુંબઈ-૧૪.ટે.૨૪૧૬૪૨૩૯

સંપર્ક: દિનેશ દેઢિયા 92234 25676

બાળકોએ પોતાના ગ્રેન્ડ પેરઈન્ટસ સાથે ભાગ લીધો હતો.

ઈકો ફ્રેન્ડલી વસ્તુઓમાંથી પોતાના પાર્ટનરને શણગારવાની હરીફાઈ રાખવામાં આવેલ હતી. તે દિવસનો ડ્રેસકોડ ગ્રીન કલરનો હતો. તેમાં સૌ. નીકીતા બીજોય મોમાયાને ઈનામ મળેલ. નવેમ્બર મહીનાના આવનારા બર્થડે તેમજ એનીવર્સરીની વધાઈ આપવામાં આવેલ. એક સદગૃહસ્થ તરફથી મંડળને રૂા. ૫૦૦૦ની ભેટ મળેલ હતી.

શ્રી મહિલા ગૃહઉદ્યોગ મંડળ હુબલી દ્વારા અલ્પહાર નુડલ્સ, ભેળ, કલાકંદ તેમજ કુલ્ફી રાખવામા આવેલ. સર્વેને ચોકલેટ આપવામાં આવેલ હતી. જજેસ સૌ. રાજુલબેન મોમાયા તથા ગીતાબેન છેડા હતા. તેમને મોમેન્ટો આપી નવાજવામાં આવ્યા હતા. લગભગ ૧૦૦ જણની હાજરી હતી. મંડળ તરફથી આભાર વિધિ સેક્રેટરી સૌ. ચેતના શરદ મોમાયાએ કરેલ હતી.

સાયન્સ ઈક્ઝેબેશન બાળકો માટેની હરીફાઈના પરિણામ : પ્રથમ : સન્મીત ઉદય મૈશેરી, દ્વીતીય : રાહુલ રાકેશ છેડા, તૃતીય : આદીત્ય દીવ્યાંગ મોમાયા, પર્યાવરણ બચાવો થીમ ઉપર ફેન્સી ડ્રેસ, પ્રથમ : ખનક સચીન લોડાયા, દ્વીતીય : વિધિતા ઉદય કુરુવા, તૃતીય : અંતરા રાકેશ છેડા,

ક્રીયેટીવીટીમાં ગ્રેન્ટ પેરેન્ટ સાથે : પ્રથમ : નીયતી (જયશ્રી) સચીન ગોગરી, દ્વીતીય : આદીત્ય કલા કાંતીલાલ મોમાયા, તૃતીય : વીર ચેતના નરેન્દ્ર મોમાયા.

ઈકો ફ્રેન્ડલી વસ્તુઓમાંથી પોતાના પાર્ટનરને શણગારવાની હરીફાઈમાં પ્રથમ પીંકી ઉદય મૈશેરી તેમજ રેશ્મા સિધ્ધાર્થ મૈશેરી.

## શ્રી ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળ

શ્રી ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળ આયોજીત શ્રી મહાકાળી માતાજીની ભાવના તા.૨૮.૧૨.૧૪ના છે. જેનો લાભ શ્રી નેણશી હીરજી વિકમશી, ગામ-જખૌવાળાએ લીધો છે. સ્થળઃશ્રી વાસુપુજ્ય જિનાલય જવેર રોડ, મુલુંડ-વે, સમયઃ રાત્રે ૯.૦૦ વાગ્યે.

આગામી માસની ભાવના તા.૨૫.૦૧.૧૫ના છે. જેનો લાભ શ્રી મોતીચંદ લાલજી ખોના પરિવારે લીધો છે.

## વાંકુ સોની નુખના કુળદેવી

વાંકુ સોની કુળના કુળદેવી અંબા માતાની ગંધી તારવવા નિમિત્તે વાંકુ, નારાયણ સરોવર અને કોટેશ્વર ખાતે વિધિઓ સદગત ભૂઈમાના પરિવારજનો તથા અન્ય ભાવિકોએ પૂરી કરી હતી. એમ ગોંવિદજી નેણશી સોનીએ જણાવ્યું છે.

## શ્રી ભલારાદાદા-શ્રી સચ્ચાઈ માતાજી-વરંડી મોટી ધ્વજા મહોત્સવ

શ્રી અમીઝરા ભલારાદાદા તથા કુળદેવી શ્રી સચ્ચાઈ માતાજીના વરંડી-કચ્છ સ્થાનકે તા.૨૬.૧૧ તથા ૨૭.૧૧.૧૪ માગશર સુદ ૪ તથા ૫ ના યોજાયેલ ધ્વજા મહોત્સવે મુંબઈ, કોચીન તથા ગાંધીધામથી ૫૦ ભાવિકો વરંડી પધારેલ.

તા.૨૬.૧૧.૧૪નાપહેડી શ્રી ક્ષેત્રપાળ દાદા, ભલારા દાદા તથા શ્રી સચ્ચાઈ માતાજીની પહેડી ધ્વજાના લાભાર્થી પરિવાર દ્વારા ચડાવવામાં આવેલ. સાંજે ભુવાશ્રી મનોજ ડી.શાહની ઉપસ્થિતિએ શ્રી હનુમાન મંદિરે અનુષ્ઠાન આહવાન અને શ્રી ભલારાદાદાનો પાઠ શ્રી પ્રવિણ પીર દ્વારા મંડાયેલ. સમૂહ આરતી તથા ભાવના થયેલ.

તા.૨૭.૧૧.૧૪ને ગુરૂવારના વહેલી સવારે અભિષેક તેમજ સિંદૂરલેપ વિધિ કર્યા બાદ સજાવટ ભાવિક બહેનોના સંગાથે કરવામાં આવેલ.

સવારના ગ્રામજનો તથા ભાવિકોની ઉપસ્થિતિએ ધારાવડી, પંખવાજ, ગરબા-રાસ રમતાં ગામની પ્રદક્ષિણા કરીને પ્રાગણમાં પધારેલ. વિજય મુહુર્તે શિખરની ધ્વજા માતુશ્રી નેણબાઈ હીરજી લોડાયા-મંજલ તથા ઘુમ્મટની ધ્વજા માતુશ્રી ચંદનબાઈ કલ્યાણજી લોડાયા-વરંડી પરિવારના સભ્યોએ ચડાવેલ. ધ્વજારોહણ બાદ પ્રસાદી પ્રભાવના તેમ જ પહેડી અને સમૂહ આરતી કરવામાં આવેલ.

મુંબઈમાં પહેડી તા.૨૨.૦૨.૧૪ને રવિવારના સવારે ૯.૩૦ કલાકે બાલાજી/ગોપુરમ હોલ ખાતે લાભાર્થી પરિવાર માતુશ્રી નેહાબાઈ હીરજી લોડાયા-મંજલ હાલે ડોંબિવલી તરફથી થશે.

## સાંધવ પીર દાદાની પહેડી

સાંધવગામના લાલ છતા પીરની પહેડી પ્રસાદ તેમજ વાછરાદાદાની પહેડીપ્રસાદ તા.૧૨.૪.૨૦૧૫ રવિવારના સવારના ૧૦ કલાકે લાલછતાપીર તેમજ બપોરના ૩.૩૦ કલાકે ગ્રાઉન્ડફલોર ભાડુંપ-વેસ્ટમાં રાખવામાં આવેલ છે. સાંધવવાસીઓ તેમજ નિયાણી બહેનોને પધારવા આમંત્રણ છે.

## ગૃહિણી હોવાનો ગર્વ અનુભવો

૧૯માં પાના પરથી ચાલુ

તકનો લાભ લેવો જોઇએ. આ સાથે ઘરે બેસીને ઇચ્છાપૂર્તિ માટે શું કરી શકાય તેનો વિચાર પણ કરવો જોઇએ. હાઉસવાઇફ બનીને વ્યક્તિત્વને વિકસાવી ન શકાય એવું નથી.

ગૃહિણીઓ, તમારો આનંદ તમારા હાથમાં છે. તમારા અધૂરાં શોખ વિકસાવવાનો કે હુન્નરને ઝળકાવવાનો રસ્તો શોધો. અન્યો સાથે તુલના કરવાનું બંધ કરીને પોતાના શિક્ષણનો સદ્‌ઉપયોગ બાળકના ઘડતર અને સંસારના સુચારુ સંતુલનમાં કરો. ઘરની તમામ જવાબદારી નિભાવવા સાથે પોતાના માટે થોડો સમય ફાળવી મનગમતી પ્રવૃત્તિ કરો. લોકોને હળવા મળવાથી પણ મન આનંદમાં રહે છે.

પરિવારજનો, ખાસ કરીને પતિએ પણ હાઉસવાઇફના કામની પ્રશંસા કરીને પ્રેમપુર્વક વર્તન કરવું જોઇએ. પત્નીના રૂટિનમાં કોઇ પરિવર્તન લાવીને જેમ કે, અચાનક ફરવા અથવા પિક્ચર જોવા લઇ જઇને તેને આનંદમાં રાખવાનો પ્રયાસ કરવો જોઇએ. રોજ રાતના સંપૂર્ણ પરિવારે સાથે બેસીને ક્વૉલિટી સમય પસાર કરવો જરૂરી છે. ઘણી મહિલાઓને ગૃહિણી હોવાનો ગર્વ થાય એવું વાતાવરણ કાયમ રાખવુ જોઇએ.


Since 1984...

**Lagna Deep**



બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઇ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)

**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી, રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા**

- રીયલ બટ કસબની સાડી બોર્ડર • પીટ્ટા તાર ભરતની સાડી
- કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
- બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
- પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

**(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)**

જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.

**Mob. : 7666688881**

ગુરૂવાર બંધ


॥શ્રી ગણેશાય નમઃ॥ ॥શ્રી શુરાપુરા દાદાયનમઃ॥

॥શ્રી મોમાઈ માતાય નમઃ॥

# શ્રી ડાઘા-માલદે-ખેરાણી પરિવાર-દલતુંગી

**દલતુંગી ગામે બીરાજમાન ડાઘા-માલદે-ખેરાણી પરિવારના કુળદેવી શ્રી મોમાઈ માતાજીની સળંગ આઠમી પહેડી શુભદિન રવિવાર તા.૧૧.૦૧.૨૦૧૫ના નક્કી કરેલ છે.**

**તો આપ સર્વે કુટુંબીજનો તથા નિયાણી બહેનો-દીકરીઓને સહપરિવાર પહેડી -પ્રસાદ તથા દર્શનનો લાભ લેવા ભાવભર્યું આમંત્રણ છે.**

**શુભ સ્થળ : જૈનમ હૉલ, પહેલે માળે, એલ.બી.એસ.રોડ, ભાડુંપ (વે)**
**સમય : સાંજના ૪.૦૦થી ૧૦.૦૦**

**લિ. ડાઘા-માલદે-ખેરાણી પરિવારના જય માતાજી**

**પ્રમુખ મણીલાલ ત્રીકમજી ડાઘા મો. : 9833104501**
**ઉપપ્રમુખ વનરાજ દામજી માલદે મો. : 9819461510**

| નવા/બદલાયેલા સરનામા– (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું) |
|---|

**દેવેન્દ્ર કલ્યાણજી મોમાયા** — ૬૪૨, સ્નેહ નગર, ઈલ્વી. સ્કુલની નજીક, એસ.એસ.રોડ, ઈન્દૌર, (એમ.પી.) ૪૫૨૦૦૧

**રતિલાલ આર. લોડાયા** — કોરલ ક્રેસ્ટ, કો.ઓપ.હા.સો.લિ., પ્લોટ નં-૩, સેક્ટર નં- ૨૩, આય.સી.આય.સી. બેન્કની નજીક, નેરૂલ (પૂ) નવી મુંબઈ-૪૦૦૭૦૩

| નવા/બદલાયેલા ફોન નંબર |
|---|

**દેવેન્દ્ર કે.મોમાયા** 09926093194 **જ્યોતિ ડી.મોમાયા** 09754460515

| જીવનચક્ર |
|---|

**જન્મ**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦.૦૭.૧૪ | વીઠ્ઠલવાડી | ઈશા-પદમા/મયૂર વર્ધમાન લોડાયા | સાંધાવ | પુત્રી |
| ૧૯.૧૦.૧૪ | ગાંધીધામ | માન્યા-મયુરી/ચંદ્રેશ લોડાયા | કોઠારા | પુત્રી |

**સગપણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૭.૧૧.૧૪ | ડોંબિવલી | ધવલ પ્રતાપ ધનજી લોડાયા | મંજલ રેડીયા | ૨૮ |
| | ડોંબિવલી | મિતલ રતીલાલ નાગશી નાગડા | કોઠારા | ૨૫ |
| ૦૮.૧૨.૧૪ | વાશી | કિનાંત મણિકાંત વેલજી દંડ | સેવક ભરૂડીયા | ૩૨ |
| | મુલુંડ | અલ્પા શાંતિલાલ પદમશી લોડાયા | સાંયરા | ૨૮ |

**આંતર જ્ઞાતિય સગપણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩.૧૧.૧૪ | મુલુંડ | ગુંજન પિયુષ નવીનચંદ્ર મોતા | રાયધણજર | ૨૬ |
| | મુલુંડ | ઉર્મી સમીરકુમાર હલદર | કલકત્તા | ૨૬ |

**લગ્ન**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૧.૧૨.૧૪ | ખામગામ | વિનીત ચેતન ગોંવિદજી લોડાયા | કોઠારા | ૨૭ |
| | નાંદેડ | નેહા દિપક લક્ષ્મીચંદ લાપશીયા | દલતુંગી | ૨૬ |

**આંતર જ્ઞાતિય લગ્ન**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૯.૧૧.૧૪ | અમદાવાદ | ચેતન વિષ્ણુભાઈ પટેલ | ઉવરસાડ | ૨૭ |
| | અમદાવાદ | ધારિણી રમેશચંદ્ર મૈશેરી | કુવાપધર | ૨૭ |
| ૩૦.૧૧.૧૪ | ડોંબિવલી | કૌશક વસંત મહેશ્વરી | મોટી સિંધોડી | - |
| | મઝગામ | અમેન્થા જોસેફ મારક્વેસ | ગોવા | - |
| ૦૩.૧૨.૧૪ | જામનગર | પ્રતિક જીનેશ લાલચંદ મહેતા | બારવડ | ૩૦ |
| | મુલુંડ | આદીતિ ધનરાજ દેવશી ખોના | નલિયા | ૨૯ |

**મરણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧.૧૨.૧૪ | ગદગ | દેવચંદ મુલજી જેઠાભાઈ લાલકા | લાલા | ૭૮ |
| ૧૫.૧૨.૧૪ | જુહુ | મુલચંદ લાલજી શામજી ખોના | જખૌ | ૭૩ |
| ૧૬.૧૨.૧૪ | મુલુંડ | લહેરી ઝવેચંદ રામજી લોડાયા | બાયઠ | ૬૮ |
| ૧૭.૧૨.૧૪ | કોચીન | ભરત ભવાનજી હંસરાજ નાગડા | નલિયા | ૪૫ |
| ૧૭.૧૨.૧૪ | મુલુંડ | ભરત લક્ષ્મીચંદ શામજી મૈશેરી | જખૌ | ૫૯ |

## પ્રથમ પુણ્યતિથિએ માતૃવંદના



## દેકાંબાઈ વશનજી હેમરાજ લોડાયા (અજાણી)

ગામ : કોઠારા હાલ અમેરિકા

જન્મ :
તા. ૨-૧૦-૧૯૨૩

અરિહંત શરણ :
તા. ૮-૧૨-૨૦૧૩

નિર્મળ જીવનમાં સાક્ષાત તીર્થ સ્વરૂપ,
જગત જનની 'મા'નું સ્થાન અમર રહેશે
જીવન એવું જીવી ગયા જે કદી ભુલાશે નહીં,
વિદાય એવી લીધી જે કદી વિસરાશે નહીં,
પણ સ્વર્ગ પંથે જનારને કોઈથી રોકાય નહીં,
પરોપકારી સ્વભાવ અને કુટુંબ ભાવના
જે જોવા મળી હતી એ ભૂલાશે નહીં,
પ્રભુ આપના આત્માને પરમ શાંતિ આપે
ભાવભરી શ્રદ્ધાંજલિ

પુત્ર : સ્વ. હરીશ વશનજી હેમરાજ લોડાયા
પુત્રવધુ : ગં.સ્વ. સુશીલા હરીશ વશનજી લોડાયા
પૌત્રવધુ : પૌત્ર : ટાલીયા મનીશ હરીશ લોડાયા (અમેરીકા)
પૌત્રવધુ : પૌત્ર : મનીષા ભાવેશ હરીશ લોડાયા (દુબઈ)
પ્રપૌત્રો : વત્સલ, વરૂણ, રામી

## પ્રથમ પુણ્યતિથિએ ભાવભીની સ્મરણાંજલિ



## સ્વ. ગુણવંતી જયચંદ લોડાયા

કચ્છ - કોઠારા હાલ મુલુંડ

જન્મ :
તા. ૮-૦૩-૧૯૪૫

અરિહંત શરણ :
તા. ૨૦-૧૨-૨૦૧૩

**સ્મરણની સુવાસ,**
**આત્મીયતાનો ઉજાસ,**
**તમે સદા મહેંકશો**
**અમારી આસપાસ**

પુત્રવધુ - પુત્ર : શ્રીમતી રીના લાજેશ લોડાયા
પુત્રી - જમાઈ : શ્રીમતી હર્ષા ઉદયન લાલજી લોડાયા (મોટી - સિંધોડી)
ભાભી - ભાઈ : શ્રીમતી લેખાબેન ધનપતિ મોમાયા (બારોઈ - જલગામ)
વેવાણ - વેવાઈ: શ્રીમતી મધુરીબેન હિરાચંદ છેડા (સુથરી)
શ્રીમતી રમાબેન લાલજી લોડાયા (મોટી - સિંધોડી)
પૌત્ર - પૌત્રી : ઈંદર, હેમાંશી
દોહિત્રી : એકતા

**C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640**
Postal Regd. No.MH/MR/East/53/2012-14 ¡day of publication every Monday
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

# જૈન સ્થાપત્ય વૈભવના આંતરાષ્ટ્રીય નમુના (લેખ ૭મા પાને)



શ્રવણ બેલગોડા - કર્ણાટકા
ખાતેની બાહુબુલીજીની પ્રતિમા



પુનમ ના દિવસે ભવ્ય લાગતું પાલિતાણાના દાદાના દરબાર નું શિખર



મથુરાના જૈન સ્તુપનો આ તુટેલો
ભાગ હાલ લખનઉના મ્યુઝિયમમાં છે.



મથુરાના સ્તુપમાં
જૈન સ્વસ્તિક અને શુભચિન્હો



દ્રવિડ સ્ટાઈલનું આ શિખર કર્નાટકના પટ્ટાક્કલ
ખાતે આવેલું છે જે છઠ્ઠી સદીમાં નિર્માણ પામેલું છે



પાટણના પંચાસરા પાર્શ્વનાથ જિનાલયમાં થાંભલાઓ અને કોતરણીનો વૈભવ



કર્નાટકના બદામી ખાતેની જૈન ગુફાઓ

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,